RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 293* Date: 21.08.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# અમે કોઈ ખોટું કર્યું નથી. અમે અત્યંત પ્રમાણિકતા સાથે કામ કરી રહ્યા છીએ. સીબીઆઈએ મારો ફોન લઈ લીધો છે.

## કેન્દ્ર સરકાર સીબીઆઈનો દુરુપયોગ કરી રહી છે. ઉપરથી અધિકારીઓને નિયંત્રિત કરવામાં આવી રહ્યા છે.: દિલ્હી નાયબ મુખ્યમંત્રી મનીષ સોસોદિયા



નવીદિલ્હી,તા.૨૦

દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના નિવાસસ્થાન સહિત દિલ્હી-એનસીઆરમાં ૨૧ સ્થળોએ સીબીઆઈના દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી આબકારી નીતિના કિસ્સામાં થઈ હતી. સંદીપ દીક્ષિતે સીબીઆઈની આ કાર્યવાહીનું સમર્થન કર્યું છે. ડાબેરી નેતા બ્રિન્દા કરાતે સિસોદિયાના ઘરે સીબીઆઈના દરોડાને લઈને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. દરોડા બાદ મનીષ સિસોદિયા મીડિયાની સામે દેખાયા હતા. તેણે કહ્યું કે અમે કોઈ ખોટું કર્યું નથી. અમે અત્યંત પ્રમાણિકતા સાથે કામ કરી રહ્યા છીએ. સીબીઆઈએ મારો ફોન લઈ લીધો છે. કેન્દ્ર સરકાર સીબીઆઈનો દુરુપયોગ કરી રહી છે. ઉપરથી અધિકારીઓને નિયંત્રિત કરવામાં આવી રહ્યા છે.

દિલ્હી એક્સાઈઝ સ્કીમ અંગે સીબીઆઈના દરોડા પછી નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ આજે પ્રેસ કોન્ફરન્સ કરી. તેમણે કહ્યું કે, દિલ્હીની એક્સાઈઝ સ્કીમ સૌથી સારી સ્કીમ છે. દેશમાં આ એક ઉદાહરણ બની શકે છે. ગઈકાલે મારા ઘરે સીબીઆઈના દરોડા પડ્યા હતા. બધા અધિકારીઓ સારા હતા. તેમનાથી મને કોઈ તકલીફ નથી થઈ. બે-ચાર દિવસમાં મારી ધરપકડ કરશે અને જેલમાં નાંખી દેશે. સિસોદિયાએ કહ્યું કે, ગઈકાલે 'બિન બુલાયે મહેમાન' અને અણગમતા મહેમાન મારા ઘરે આવી ગયા હતા. તેમની વચ્ચે રહેવાનું કોઈ પસંદ કરતું નથી. એ પછી હું વિચારતો હતો કે હું જ્યાં જવાનો હતો તે કાર્યક્રમમાં જાઉં કે ન જાઉં. મને લાગ્યું કે હું તો કામ કરવા માટે છું, જે ગઈકાલે થયું તેના માટે નથી. સિસોદિયાએ કહ્યું, દિલ્હીની શરાબનીતિ સૌથી સારી છે.૧૪ કલાકથી વધુ સમય સુધી સીબીઆઈની ટીમે મનીષ સિસોદિયાના ઘરે તપાસ કરી. સીબીઆઈની ટીમ મોડી રાત્રે પરત ફરી હતી. રિપોર્ટ્સ અનુસાર, ઘણા દસ્તાવેજો સીબીઆઈના હાથમાં આવ્યા છે. બેંક ખાતા સંબંધિત દસ્તાવેજો પણ લેવામાં આવ્યા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ટીમ દ્વારા સિસોદિયાના ઈમેલનો ડેટા પણ લેવામાં આવ્યો છે. સીબીઆઈએ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ જપ્ત કર્યા છે.

એક અધિકારીએ જણાવ્યું કે ઝમૈંએ કથિત એક્સાઈઝ કૌભાંડમાં પોતાની એફઆઈઆરમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સહિત ૧૫ આરોપીઓના નામ સામેલ કર્યા છે. સીબીઆઈ બાદ હવે એક્સાઈઝ પોલિસી અને તેને લગતા ભ્રષ્ટાચારના મામલામાં ઈડીની પણ એન્ટ્રી થવા જઈ રહી છે. ઈડી હેડક્વાર્ટર દ્વારા સીબીઆઈને પત્ર લખવામાં આવ્યો છે. સીબીઆઈ દ્વારા નોંધાયેલા આ કેસને ઈડી ટૂંક સમયમાં પોતાના કબજામાં લઈ શકે છે. ઈડીએ સીબીઆઈ દ્વારા નોંધાયેલી એફઆઈઆરની નકલ સહિત અન્ય દસ્તાવેજોની નકલ માંગી છે.સીબીઆઈએ દિલ્હીની નવી લીકર પોલિસીની આડમાં આ કૌભાંડ અંગે મોટા દાવા કર્યા છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, તેમની સ્ક્રિપ્ટ દિલ્હીમાં નહીં, પરંતુ મુંબઈમાં લખવામાં આવી હતી. એને તૈયાર કરવામાં મુંબઈની ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના પૂર્વ સીઈઓનું નામ પણ સામે આવ્યું છે.સીબીઆઈએ એફઆઈઆરમાં લખ્યું છે કે કેસને સ્પષ્ટ રીતે બતાવવા માટે, આબકારી વિભાગના રેકોર્ડમાં મોટે પાયે છેતરપિંડીની એન્ટ્રી કરવામાં આવી હતી, જેથી સરકારી ગૌણ અધિકારીઓ અને ખાનગી પક્ષોને સીધો ફાયદો થઈ શકે. આ દરમિયાન દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેના દ્વારા લગભગ ૧૨ આઈએએસઅધિકારીની બદલી કરવામાં આવી હતી.સીબીઆઈ એફઆઈઆરમાં દાવો કરવામાં આવ્યો છે કે મુંબઈ સ્થિત મેસર્સ ઓન્લી મચ લાઉડર એન એન્ટરટેઈનમેન્ટ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના પૂર્વ સીઈઓ વિજય નાયરે સિસોદિયા સાથે મળીને નવી પોલિસી માટે બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી હતી. એમાં મનોજ રાય, બ્રિન્ડકો સેલ્સના અમનદીપ ઢલ અને ઈન્ડો સ્પિરિટ્સ ગ્રુપના એમડી સમીર મહેન્દ્રુએ મદદ કરી હતી.એક્સાઈઝ વિભાગના બે પૂર્વ ઉચ્ચ અધિકારી અને એક વર્તમાન અધિકારી પણ આ પોલિસીની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરનારાઓમાં સામેલ છે. સીબીઆઈને પુરાવા મળ્યા છે કે અમિત અરોરા, દિનેશ અરોરા અને અર્જુન પાંડેએ સિસોદિયા સાથે મળીને લાઈસન્સધારકો પાસેથી મળેલા ગેરકાયદે ભંડોળને ડાઈવર્ટ કર્યું હતું, જેથી કેસ ખૂલે તોપણ અધિકારીઓને દોષિત ઠેરવી શકાય.

# તેજસ્વી યાદવે મંત્રીઓના ખર્ચા પર કાપ મુક્યોઃ નવી ગાડીઓ ખરીદતા નહીં, કોઈને ચરણસ્પર્શ કરાવવા નહીં

પટણા,તા.૨૦

બિહારમાં નીતિશ સરકારના નેતૃત્વમાં મહાગઠબંધનની નવી સરકાર બન્યા બાદથી આરજેડી કોટામાંથી મંત્રી વિવાદોમાં આવ્યા છે.

મંત્રીઓની છબી સુધારવા માટે ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે લક્ષ?મણ રેખા ખેંચી દીધી છે. તેજસ્વીએ આરજેડીના મંત્રીઓને કહ્યું કે, કોઈ પણ નવી ગાડી ખરીદશે નહીં અને સાથે જ કોઈ પણ કાર્યકર્તાઓને પગ પાડી ચરણસ્પર્શન કરાવશે નહીં. સાથે જ તેમણે ઈમાનદાર રહેવા અને શાલીન વ્યવહાર કરવાની સલાહ આપી દીધી છે.નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે શનિવારે પોતાની પાર્ટીના મંત્રીઓ માટે નવા દિશાનિર્દેશ જાહેર કર્યા છે. તેમાં કહેવાયુ છે કે, આરજેડી કોટાના મંત્રીઓ પોતાના વિભાગ મોટ નવી ગાડીઓ ખરીદશે નહીં, સાથે જ ઉંમરમાં તેમના મોટા કાર્યકર્તા, સમર્થકો અને કોઈ શખ્સ ચરણસ્પર્શ કરવા દેવામાં આવશે નહીં. લોકોએ મળતી વખતે શિષ્ટાચાર અથવા હાથ જોડીને નમસ્તેની પરંપરાને આગળ વધારવી.તેજસ્વીએ કહ્યું કે, તમામ મંત્રી સૌમ્ય અને શાલીન વ્યવહાર અપનાવે. સાદગીથી તમામ જાતિ અને ધર્મના લોકોની મદદ કરે. કોઈ પણ ભેંટ સ્વરૂપે બુકે અથવા ફુલની જગ્યાએ પુસ્તકો અને કલમ આપવાના કલ્ચરને વિકસાવે.

આરજેડી મંત્રીઓને ભ્રષ્ટાચાર સહિત અન્ય ગુનાહિત કેસમાં વિવાદોમાં આવ્યા બાદ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે તમામને ઈમાનદારી દાખવવાની સલાહ આપી છે. તેમણે કહ્યું કે, તમામ મંત્રી પોતાના વિભાગીય કાર્યોમાં ઈમાનદારી, પારદર્શિતા, તત્પરતા અને તુરંત એક્શનની કાર્યશૈલીને પ્રોત્સાહન આપે. સાથે જ પોતાના વિભાગની યોજનાઓ અને કાર્યોને સોશિયલ મીડિયા પર સતત પ્રચાર પ્રસાર કરે.

નવી સરકારના ગઠન બાદ નીતિશ કેબિનેટમાં આરજેડી કોટાના મંત્રી વિવાદોમાં છે. કાયદા મંત્રી કાર્તિકેય સિંહ પર અપહરણ કેસમાં સરેન્ડર કરવાની જગ્યાએ રાજભવનમાં જઈને શપથ લેવાનો આરોપ લાગ્યોછે. વિપક્ષે કૃષિ મંત્રી સુધાકર સિંહને ચોખા ગાયબ કરવાનો જૂના કેસનો મુદ્દો બનાવ્યો છે. તો વળી શિક્ષણ મંત્રી ચંદ્રશેખરને એરપોર્ટ પર કારતૂસ લઈ જવાના જૂના કેસ મામલે ઘેરાવ કર્યો છે. હાલમાં જ સહકારિતા મંત્રી સુરેન્દ્ર યાદવનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો હતો. જેમાં લાઈવ પ્રેસ કોન્ફ્રેંસમાં ગાળો આપતા દેખાયા હતા.

# ૧૩ રાજ્યોમાં વીજ કંપનીઓ પર રૂ. ૫૦૦૦ કરોડનું દેવું, વીજળીની ખરીદી અને વેચાણ પર પ્રતિબંધ

નવીદિલ્હી,તા.૨૦

૧૩ રાજ્યોની ૨૭ વીજ વિતરણ કંપનીઓને દેશના ત્રણ વીજ માર્કેટમાંથી વીજળી ખરીદવા પર કેન્દ્ર સરકારની કંપની પાવર સિસ્ટમ ઓપરેશન કોર્પોરેશને (પોસોકો) બ્રેક લગાવી દીધી છે.

આ વીજ વિતરણ કંપનીઓએ વીજ ખરીદી પેટેના ૫૦૦૦ કરોડ રૂપિયા આપવાના બાકી છે અને કંપનીઓ તેનુ પેમેન્ટ કરી રહી નથી. જેના પગલે પોસોકોએ દેશના ત્રણ વીજ માર્કેટ ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ, પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડિયા તેમજ હિન્દુસ્તાન પાવર એક્સેચેન્જને આદેશ આપ્યો છે કે, ઉપરોક્ત ૨૭ કંપનીઓને વીજળી આપવામાં આવે નહીં.

આ કંપનીઓ મહારાષ્ટ્ર, તામિલનાડુ, જમ્મુ કાશમીર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તામિલનાડુ, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢ રાજ્યની છે.

પોસોકોએ ત્રણ વીજ માર્કેટને આદેશ આપ્યો છે કે, ૧૩ રાજ્યોની ૨૭ વિતરણ કંપનીઓ માટે તમામ વીજ માર્કેટમાંથી વીજળીની ખરીદી ૧૯ ઓગસ્ટથી આગળ સૂચના ના મળે ત્યાં સુધી પ્રતિબંધિત રહેશે.આ વીજ કંપનીઓ પરની દેવાદારીને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કાયદાની જોગવાઈ હેઠળ જે કંપનીઓના પૈસા બાકી હોય તેમના પર બજારમાં પ્રતિબંધ લગાવી શકાય છે. જોકે આ નિર્ણયથી ૧૩ રાજ્યોમાં વીજળી સંકટ ઉભુ થઈ શકે છે અને તેના કારણે કરોડો લોકો માટે પરેશાની ઉભી થશે.

# ભાવનગરમાં જન્માષ્ટમીની ભાવભેર ઉજવણી, મુખ્યમંત્રીએ ગોવિંદાઓને ટ્રોફી આપી સન્માનિત કર્યા

ભાવનગર,તા.૨૦

ભાવનગર ખાતે જન્માષ્ટમીના પર્વે ભાવનગર પૂર્વ અને પશ્ચિમના ધારાસભ્યો દ્વારા આયોજન કરેલા દહીં હાંડી અને મેળાના કાર્યક્રમમાં હાજરી આપવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ખાસ ભાવનગર આવી પહોચ્યા હતા જેમાં તેમની સાથે કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા અને સાંસદ ભારતીબેન શિયાળ પણ ઉપસ્થિત રહ્યા હતા.ભાવનગર આવી પહોચેલા મુખ્યમંત્રી પ્રથમ જીતુભાઈ વાઘાણી દ્વારા આયોજિત દહીં હાંડી કાર્યક્રમમાં બોરતળાવ ખાતે પહોચ્યા હતા અને મટકી ફોડ કાર્યક્રમને નિહાળી દહીં હાંડીના ગોવિંદાઓને ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા ત્યારબાદ તેઓ વિભાવરીબેન દવે પ્રેરિત ત્રિ-દિવસીય મેળાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાવનગર ખાતે જન્માષ્ટમીના પર્વે બંને ધારાસભ્યો દ્વારા આયોજિત જન્માષ્ટમીના કાર્યક્રમોમાં હાજરી આપવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ભાવનગર પહોચ્યા હતા.ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના કેબીનેટ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા દહીં હાંડીના કાર્યક્રમનું પોતાના મત વિસ્તારમાં અલગ અલગ છ જગ્યા પર આયોજન કર્યું હતું. જેમાં બોરતળાવ ખાતેના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં તેમની સાથે કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયા અને સાંસદ ભારતીબેન શિયાળ પણ જોડાયા હતા.

૧૦૧ ગોવિંદાઓની ટુકડીએ ૪૦ ફૂટ ની ઉંચાઈ પર મટુકી ફોડી હતી, જયારે મુખ્યમંત્રી દ્વારા ગોવિંદાઓને ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા, ત્યારબાદ મુખ્યમંત્રી જવાહર મેદાન ખાતે વિભાવરીબેન દવે દ્વારા પ્રેરિત જન્માષ્ટમીના મેળામાં હાજરી આપવા પહોચ્યા હતા. ખ્યાતનામ કલાકાર કીર્તિ સાગઠીયા સહિતના વિવિધ કલાકારો દ્વારા વિવિધ ગીતોની રમઝટનો આનંદ લીધો હતો. જયારે મુખ્યમંત્રીએ ખ્યાતનામ કલાકાર કીર્તિ સાગઠીયાને પ્રોત્સાહિત કરતા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્રિ-દિવસીય મેળાના અંતિમ દિને હજારો લોકોની જનમેદની આ ભવ્ય કાર્યક્રમને માણવા જવાહર મેદાન ખાતે ઉપસ્થિત રહી હતી.

# હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટ્યું, ત્રણ બાળકો સહિત ૧૩ના લોકોના મૃત્યુ, ૨૦ ગુમ થયા

શિમલા,તા.૨૦

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. મંડી અને ચંબા સહિત અનેક જિલ્લાઓમાં હાહાકાર મચાવ્યો છે. ચંબા જિલ્લામાં એક જ પરિવારના ત્રણના મૃત્યુ થયા છે, જ્યારે મંડીના સરાજ, ગોહર અને દ્રાંગમાં વાદળ ફાટવાની ઘટનાઓમાં નવના મૃત્યુ થયા છે. જ્યારે રાજ્યભરમાં ૧૩ લોકોના મૃત્યુ થયા છે, અને ઘણા લોકો ગુમ થયા હોવાની માહિતી મળી છે.



બીજી તરફ કાંગડા જિલ્લામાં ભારે વરસાદને કારણે રાત્રે રેલવે પુલ ધોવાઈ ગયો હતો. તિરાડોના કારણે દોઢ સપ્તાહ પહેલા અહીં ટ્રેન સેવા બંધ કરી દેવામાં આવી હતી. ભારે વરસાદને જોતા કાંગડા અને કુલ્લુમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. કાંગડા જિલ્લાના ભનાલાના ગોરડા (શાહપુર)માં એક મકાન ધરાશાયી થયું, જેના પરિણામે એક બાળકનું મોત થયું.

ચંબા ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના અધિકારીઓએ જણાવ્યું કે ચૌવારી તાલુકાના બાનેટ ગામમાં શનિવારે સવારે લગભગ ૪.૩૦ વાગે ભૂસ્ખલન થયું હતું, જેના પગલે એક મકાન ધરાશાયી થયું હતું. તેમણે કહ્યું કે આ ઘટનામાં ૩ લોકોના મૃત્યુ થયા છે. ત્રણેય મૃતકોના મૃતદેહ મળી આવ્યા છે.


અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે ૪.૧૫ વાગ્યે મંડીમાં અચાનક પૂરના કારણે બાલ્હ, સદર, થુનાગ, મંડી અને લામાથાચમાં ઘણા ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયા હતા. મંડી-બાજોરા વાયા કટૌલા રોડ પર કમાંદ પાસે ટેકરી પરથી ભારે ભૂસ્ખલન થયું છે. જિલ્લા પ્રશાસને રાત્રીના સમયે જ અહીં વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂક્યો છે.

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં મુશળધાર વરસાદે તબાહી મચાવી છે. જિલ્લાના મંડી-કટૌલા-પારાશર રોડ પર આવેલા બાગી નાળામાં વાદળ ફાટવાના કારણે આવેલા પૂરે તબાહી મચાવી છે. અહીં પૂરના કારણે એક આખો પરિવાર ગુમ થઈ ગયો છે. રાહત અને બચાવ કામગીરીમાં લાગેલા લોકોને બે બાળકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે અન્ય પાંચ લોકો ગુમ છે. બીજી તરફ બાગી કટૌલાની સાથે મંડી જિલ્લામાં પણ રાતભર પડેલા ભારે વરસાદને કારણે વ્યાપક નુકસાન થયું છે. બાલ્હ ખીણ પાણીમાં સમાઈ ગઈ છે. ભૂસ્ખલનને કારણે જિલ્લાના ત્રણેય એનએચ અને ડઝનબંધ રસ્તાઓ બંધ છે.હિમાચલ પ્રદેશના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે ૨૫ ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહીને કારણે ભૂસ્ખલનની ચેતવણી જારી કરી છે. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગના ડિરેક્ટર સુદેશ કુમાર મોખ્તાએ જણાવ્યું હતું કે કાંગડા, ચંબા, મંડી, કુલ્લુ, શિમલા, સિરમૌર, સોલન, હમીરપુર, ઉના અને બિલાસપુર જિલ્લામાં આગામી ત્રણ-ચાર દિવસ સુધી વરસાદ ચાલુ રહેશે અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાનો અંદાજ છે.તેમણે જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર્સને પર્યાપ્ત સુરક્ષા પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે, કારણ કે આ સમયગાળા દરમિયાન ભૂસ્ખલન, અચાનક પૂર, વાદળ ફાટવા, ખડકો પડવા, નદીના સ્તરમાં અચાનક વધારો, નબળી દૃશ્યતા અને આવશ્યક સેવાઓના વિક્ષેપના કિસ્સામાં સમસ્યા ઊભી થઈ શકે છે.આઈએમડીએ ભારે વરસાદને લઈને ચેતવણી જાહેર કરી છે. આઈએમડી અનુસાર, આગામી ૨-૩ કલાક દરમિયાન કાંગડા, ચંબા, બિલાસપુર, કુલ્લુ, સિરમૌર અને મંડી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન જેલના સળિયા પાછળ જઈ શકે છે

ઈસ્લામાબાદ,તા.૨૦

પાકિસ્તાનમાં વડાપ્રધાનની ખુરશી પર જે પણ બેસે છે તે સત્ય કોઈનાથી છુપાયેલું નથી કે વાસ્તવિક સત્તા સેનાના હાથમાં છે. જો કોઈ સેનાની તાકાતને પડકારવાની હિંમત કરે તો તેને સજા ભોગવવી પડે છે. પીએમની ખુરશી પરથી હટાવ્યા બાદ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને સેના વિરૂદ્ધ જોરદાર નિવેદનબાજી કરી હતી. સેના સાથે છેડછાડ હવે તેમને મોંઘી પડી રહી છે. અહેવાલો અનુસાર, તેની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવી શકે છે.પાકિસ્તાની મીડિયા અનુસાર દેશની મુખ્ય તપાસ એજન્સી ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એફઆઈએ) ઈમરાન ખાનની ધરપકડ કરી શકે છે. એફઆઈએએ પ્રતિબંધિત ફંડિંગ કેસમાં ઈમરાન ખાનને નોટિસ મોકલી હતી, પરંતુ તેઓ હાજર થયા ન હતા. જેના કારણે એજન્સી તેમની ધરપકડ કરી શકે છે. ધ ન્યૂઝ અનુસાર, એફઆઈએએ ઈમરાન ખાનને બીજી નોટિસ જારી કરી હતી. ખાનને બુધવારે પહેલી નોટિસ મોકલવામાં આવી હતી, પરંતુ તેણે એફઆઈએ તપાસ ટીમ સમક્ષ હાજર થવાનો ઈનકાર કરી દીધો હતો. એફઆઈએના સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રીજી નોટિસ મોકલ્યા બાદ ઈમરાન ખાનની ધરપકડ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે.



પાકિસ્તાની મીડિયાએ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે એફઆઈએએ અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુકે અને બેલ્જિયમમાં કાર્યરત ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈ (પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ) સાથે જોડાયેલી લગભગ પાંચ કંપનીઓ શોધી કાઢી છે. પાકિસ્તાનના ચૂંટણી પંચને આપવામાં આવેલા રિપોર્ટમાં પાર્ટી દ્વારા આ કંપનીઓની માહિતી આપવામાં આવી નથી.ઈમરાન ખાને બુધવારે એફઆઈએને કહ્યું કે તે બે દિવસમાં કાનૂની કાર્યવાહી કરશે નહીં તો પ્રતિબંધિત ફંડિંગ કેસમાં તેમને મોકલવામાં આવેલી નોટિસ પાછી ખેંચી લેશે. ઈમરાન ખાને એફઆઈએને કહ્યું, "હું તમને જવાબ આપવા માટે જવાબદાર નથી અને મારા માટે તમને જાણ કરવી જરૂરી નથી. જો બે દિવસમાં નોટિસ પાછી ખેંચવામાં નહીં આવે તો હું તમારી સામે કાનૂની કાર્યવાહી કરીશ."

રિપોર્ટ્સમાં કહેવાયું છે કે એફઆઈએએ ઈમરાન ખાન વિરુદ્ધ પૂરતા પુરાવા એકઠા કર્યા છે. એજન્સી સાબિત કરી શકે છે કે ઈમરાન ખાન ચૂંટણી પંચથી માહિતી છુપાવવા માટે દોષિત છે. ઈમરાન ખાનને ત્રીજી અને અંતિમ નોટિસ આવતા સપ્તાહે મોકલવામાં આવે તેવી શક્યતા છે.

## તંત્રી સ્થાનેથી...

# શ્રીલંકામાં ચીન

ભારત અને અમેરિકાના વાંધા છતાં શ્રીલંકાના હંબનટોટા બંદર પર ચીની જહાજ પહોંચવું એક ચિંતાનું કારણ છે. તેને એક હાઈટેક સંશોધન જહાજ ગણાવાય છે, પરંતુ વાસ્તવમાં તેની કમાન ચીની સેના પાસે રહે છે. ચીની સેનાના દિશા-નિર્દેશો પર ચાલનારા જહાજને ચીન પોતાના શોધ અભિયાનનો હિસ્સો ગણાવતું રહ્યું છે, પરંતુ શ્રીલંકન રાષ્ટ્રપતિના પ્રતિનિધિએ તેને શાંતિ અભિયાનનો હિસ્સો ગણાવ્યું છે. જોકે આ જહાજ પર ૨૦૦૦થી વધારે લોકો સવાર છે, શું આ બધા વૈજ્ઞાનિકો છે? શું તેઓ શ્રીલંકાની નજીકના સમુદ્ર પર શોધ માટે નીકળ્યા છે? શું ચીન પાસે સમુદ્રી શોધ માટે બીજી જગ્યા નથી? સેટેલાઈટ, એન્ટેના અને રડારથી સજ્જ આ યુઆન વાંગ-૫ નામનું જહાજ પ્રત્યે શું ભારતની ચિંતા અતિરેક છે? જોકે ચીનના જવાબને જોઈએ, તો તે આશ્વસ્ત કરવાની કોશિશની સાથે સાથે ચેતવણીની ભાષા બોલતાં જરા પણ ખચકાતું નથી. તેના શ્રીલંકામાં રાજદૂતે હંબનટોટામાં કહ્યું કે જહાજની ગતિવિધિઓથી કોઈપણ દેશની સુરક્ષા પ્રભાવિત નહીં થાય અને કોઈપણ 'ત્રીજા પક્ષ' દ્વારા તેને 'બાધિત' ન કરવી જોઈએ.

વાસ્તવમાં આ વિશાળ જહાજથી ભારતને પ્રત્યક્ષ ખતરો એ છે કે આ જહાજ ભારતમાં ઓડિશા સુધી નજર રાખી શકે છે. પરોક્ષ ખતરો એ છે કે તેનાથી ભારત સમુદ્રી મોરચે સૈન્ય મોરચે જ નહીં, વ્યૂહાત્મક મોરચે પણ અસહજ થવાનું છે. ચીન જ્યારે ભારત સાથે જોડાતી સીમા પર સતત તણાવ ઊભો કરી રહ્યું છે, ત્યારે દક્ષિણમાં હંબનટોટામાં તેની હાજરી જો અમેરિકાને પણ ચિંતિત કરતી હોય તો ભારતીય રણનીતિકારોએ વધુ સચેત થઈ જવું જોઈએ. ચીની સેના માટે જાસૂસી કરનારા જહાજને જો શ્રીલંકાએ વારંવાર આવવાની કે વધુ દિવસ રોકાવાની મંજૂરી આપી, તો ભારત માટે કદાચ એક નવો મોરચો ખૂલી જશે. પહેલાં ભારત દક્ષિણ તરફથી આશ્વસ્ત રહ્યું છે, પરંતુ હવે શ્રીલંકાની આર્થિક તબાહીએ પરોક્ષ રૂપે ભારતને પણ પ્રભાવિત કર્યું છે. શ્રીલંકાની મજબૂરી છે કે ચીનને મહત્ત્વ આપે, કારણ કે એવું નહીં કરે તો શ્રીલંકાને મળનારા આંતરરાષ્ટ્રીય ઋણમાં મુશ્કેલી આવશે. સંયુક્ત રાષ્ટ્રમાં ચીન એ સ્થિતિમાં છે કે તે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ દ્વારા અપાતી મદદને રોકી શકે છે. શ્રીલંકાની મજબૂરી ભારત માટે મુસીબત બની શકે છે. હાલમાં ભારત સતર્ક રહેવા સિવાય બીજું કંઈ કરી શકે તેમ નથી. ચીન દુનિયાની બદલાતી હાલતનો અધિકતમ ફાયદો ઉઠાવી રહ્યું છે. એ પાકિસ્તાનની હાલત પણ અલગ નથી, જેને ચીન મિત્ર ગણાવે છે. જ્યાં સુધી ભારતનો પ્રશ્ન છે, જાસૂસીથી બચવું મુશ્કેલ છે. સમાધાન એમાં જ છે કે ભારત ખુદને ટેકનિક, કૂટનીતિ અને વ્યૂહાત્મક રૂપે મજબૂત કરે.

## સરકાર બનાવવી સહેલી છે પણ દેશ બનાવવાનુ કામ વધારે અઘરુ છે : પીએમ મોદી

નવીદિલ્હી,તા.૨૦

પીએમ મોદીએ શુક્રવારે જલ જીવન મિશન હેઠળ દરેક ઘરમાં નળથી પાણી પહોંચાડવા માટેના અભિયાનને મોટી સફળતા ગણાવી છે. તેમણે આજે કહ્યુ હતુ કે, સરકાર દેશનુ ઘડતર કરવાના પ્રયાસોના ભાગરુપે વર્તમાન અને ભવિષ્યના પડકારોનુ સમાધાન કરી રહી છે. જળ જીવન મિશન હેઠળ ઘરે ઘરે નળથી પાણી પહોંચાડનાર ગોવા પહેલુ રાજ્ય બન્યુ છે. આવ તમામના પ્રયાસોથી શક્ય બને છે. સરકાર બનાવવા માટે એટલી મહેનત નથી કરવી પડતી જેટલી દેશ બનાવવા માટે કરવી પડે છે.

# શ્રી સોમનાથ જ્યોતિર્લિંગની કથા

સોમનાથ મહાદેવનું મંદિર ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું છે.ભગવાન શિવના બાર પવિત્ર જ્યોતિર્લિંગમાનું પ્રથમ જ્યોતિર્લિંગ છે.મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જ્યારે જ્યારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે.

આ જગ્યાનો ઈતિહાસ જોઈએ તો એકવાર અત્રિઋષિ અને અનસૂયા શાંતિથી બેસીને જીવ-શિવની લીલા વિશે ચર્ચા કરતા હતા.ઘણા લોકો ભૌતિક સુખ,પુણ્ય,જીવન વિકાસ અને મોક્ષ માટે તપ કરતા હોય છે.અત્રિઋષિ અને અનસૂયા માનવજાતિના વિકાસ માટે,જગતમાં સુખ-શાંતિ અને સમાધાન માટે પૂત્રની ઈચ્છા હતી અને તેના માટે તેઓ તપશ્ચર્યા કરે છે.ભગવાન શિવની કૃપાથી તેમને પૂત્ર થાય છે જેનું ચંદ્ર નામ રાખવામાં આવે છે.માતાપિતાના ગુણો ચંદ્રમાં આવે છે.

ચંદ્ર મોટો થતાં માતા અનસૂયા તેને સુશિલ અને સુસંસ્કૃત કન્યા સાથે લગ્ન કરી આગ્રહ કરે છે. ચંદ્રના મનમાં કોઈ સ્ત્રી શરીર સાથે નહી પણ જે તેની બુદ્ધિ પ્રતિભાને સમજી શકે,પોતાના વ્યક્તિત્વથી ધર્મકાર્યમાં સહકાર આપે તેવી સર્વગુણસંપન્ન પત્ની જોઈતી હતી.એકવાર ચંદ્ર જંગલમાં ફરતો હતો ત્યારે તેના કરતાં પણ સુંદર કન્યા મળે છે.એકબીજા સાથે વાતચીત થાય છે.ચંદ્ર પુછે છે કે શું તમે પરણેલા છો? ત્યારે કન્યા કહે છે કે "પરણવું એટલે શું? અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ જોડાણ થાય તેને લગ્ન કહેવાય? પરણવું એટલે એકબીજામાં સમાઈ જવું.પ્રેમની ચરમસીમા વિલિનીકરણમાં છે.બે શરીરના લગ્ન એ લગ્ન નથી.પુરૂષ પાસે વૈભવ હોય,શૂરવીર હોય,સૌદર્યવાન અને સર્વગુણસંપન્ન હોવો જોઈએ."

કન્યા કહે છે કે આવો સર્વગુણસંપન્ન અત્રિઋષિનો પૂત્ર ચંદ્ર છે તેવું મે મહાપુરૂષોના મુખેથી સાંભળ્યું છે,તેની સાથે મારે લગ્ન કરવા છે.કન્યા કહે છે કે મારૂં નામ રોહિણી છે.હું દક્ષપ્રજાપતીની પૂત્રી છું.ચંદ્ર કહે છે કે વર્ષોથી તું જેનું ચિંતન કરે છે તે ચંદ્ર હું જ છું.ત્યારે રોહિણી કહે છે કે અમે સત્તાવીશ બહેનો દિલથી એક વિચારની,એકબીજા ઉપર પ્રેમ અને આત્મિયતાના કારણે અમે નક્કી કર્યું છે કે અમે એક જ પતિ સાથે પરણીશું.ત્યારે ચંદ્ર કહે છે કે તમારા જેવી સર્વગુણસંપન્ન આદર્શ નારી મળતી હોય તો બાકીની છવ્વીસને પણ હું સ્વીકારીશ.

રોહિણી ચંદ્રને પોતાના પિતા દક્ષ પાસે લઈ જાય છે અને બંન્નેના માતાપિતાની સંમત્તિથી ખુબ જ ઠાઠમાઠથી દક્ષરાજાની સત્તાવીશ કન્યાઓ સાથે ચંદ્રનાં લગ્ન કરવામાં આવે છે.ચંદ્ર પોતાની પત્નીઓને લઈને પોતાના ઘેર આવે છે.લગ્ન પછી સત્કૃત્યોની શરૂઆત થાય છે.રોહિણી તેના કામમાં ખભેખભો મિલાવીને સાથ આપે છે,ચંદ્રની કદર કરે છે.બાકીની છવ્વીસ પત્નીઓ ચંદ્રને પ્રેમ કરે છે પરંતુ ચંદ્રના કાર્યને સમજી શકતી નથી તેથી તેમનામાં મત્સર (પારકાની ચડતી સહન ન થતાં આવતી અદેખાઈ) ઉભો થયો અને તેમને લાગ્યું કે પતિનું ખેંચાણ આપણી તરફ નથી.

એકવાર દક્ષપ્રજાપતિ ચંદ્રના ઘેર આવે છે ત્યારે રોહિણી સિવાઈની ૨૬ દિકરીઓ પિતાજીને ફરીયાદ કરે છે કે પિતાજી..અહી સુખ છે,આનંદ છે,લીલાલહેર છે પરંતુ અમારા પતિનું અમારી તરફ ખેંચાણ નથી, અમારી ઉપેક્ષા થાય છે.દક્ષે ચંદ્રને બોલાવીને ઠપકો



આપ્યો કે તમારા વિશે જે ફરીયાદ મળી છે તેવું ફરીથી ભવિષ્યમાં ના બને તેની કાળજી રાખજો.ચંદ્ર કહે છે કે હું સમજી વિચારીને આવું કરતો નથી પરંતુ મારા કાર્ય અને બુદ્ધિને ફક્ત રોહિણી જ સમજી શકે છે તેથી તેના પ્રત્યે ખેંચાણ વધુ રહે છે.

એકવાર ચંદ્રના જીવનમાં એક ઘટના બને છે.દેવતાઓના ગુરૂ બૃહસ્પતિની પત્ની તારાની તરફ ચંદ્રનું મન ખેંચાય છે ત્યારે રોહિણી સિવાઈની બાકીની પત્નીઓ ગુસ્સે થાય છે અને ચંદ્રનો તિરસ્કાર કરે છે તેથી ચંદ્રનું અન્ય પત્નીઓ તરફ ખેંચાણ ઓછું થાય છે. "આખું જગત તિરસ્કાર કરે તો ચાલે પણ પત્ની આપણો તિરસ્કાર કરે તો તે અસહ્ય બને છે."રોહિણી ઘણી સમજદાર હતી તેને ખબર હતી કે ચંદ્રમાં જગતને સુધારવાની શક્તિ છે.પ્રભુની કૃપા પ્રસાદીથી તે જગતમાં આવ્યો છે તેની કદાચ ભૂલ થઈ હશે.તે ચંદ્ર પાસે જઈને સમજાવે છે કે તારા જેવી સ્ત્રી તમારા જેવા લોકોત્તર પુરૂષ પાછળ ગાંડી થાય તેમાં નવાઈ નથી પણ જગતમાં સૌદર્ય અને શિતળતા લાવવા પ્રયાસ કરનાર તમે વિચાર કરો કે તમોને આ શોભે છે? અમે ૨૭ છીએ ૨૮મી લાવશો તો અમોને વાંધો નથી પરંતુ "પરસ્ત્રી તરફ ખરાબ નજરે જોવું એ સારૂં ના કહેવાય." તમારા આ કાર્યથી કૌટુંબિક સૌદર્ય,સ્વાસ્થ્ય,સમાધાન,શાંતિ અને શિતળતા તમે ગુમાવી દેશો.ચંદ્રે પોતાની ભૂલની કબૂલાત કરી પાપ પ્રક્ષાલન કર્યું અને ફરીથી આવી ભૂલ ન કરવાની ખાત્રી આપી પરંતુ બાકીની ૨૬ પત્નીઓના તિરસ્કારથી તેમના વચ્ચેનું અંતર વધતું ગયું અને તેથી તેમને પિતા દક્ષને ફરીયાદ કરી.

દક્ષ ગુસ્સે થયા અને ચંદ્રને કહ્યું કે તમે વચન આપ્યા પછી પણ મારી તમામ દિકરીઓને એક સરખી રીતે રાખતા નથી.ચંદ્રે દલીલ કરી કે એમાં મારા એકલાનો દોષ નથી.હું દિવસ રાત જે કાર્ય કરૂં છું તેમાં રોહિણી સિવાઈ બીજી કોઈને રત્તીભર રસ નથી.આવી ફક્ત હાડમાંસના પિંજરા જેવી પત્નીઓ ઉપર મને પ્રેમ કેવી રીતે થાય..!

દક્ષરાજા કહે છે કે લગ્ન વખતે તમે જે સોગંદ ખાધા હતા કે "ધર્મે ચ અર્થે ચ કામે ચ નાતિચરામિ" તે પાળી શક્યા નથી અને દક્ષે ગુસ્સામાં શ્રાપ આપ્યો કે તને કર્તૃત્વનો,બુદ્ધિમત્તાનો અને સૌદર્યનો અહંકાર હોય તો જા..તે બધાને ક્ષય લાગશે,તૂં ક્ષયરોગી થશે.દક્ષના ગયા પછી ચંદ્રને લાગ્યું કે સૌદર્ય,કર્તૃત્વશક્તિ જતી રહેશે તો મારાથી જગકલ્યાણના કામ થશે નહી તેથી તે દક્ષ પાસે ગૂનેગાર તરીકે જાય છે.પગે લાગીને કહે છે કે મારી ભૂલ થઈ છે.ચંદ્ર નિસ્તેજ બની જતાં તમામ પત્નીઓને પોતાની ભૂલ સમજાય છે કે શું કરવા ગઈ અને શું થઈ ગયું? તેઓ પણ પિતાજીને શ્રાપ પાછો ખેંચી લેવા વિનંતી કરે છે.દક્ષે કહ્યું કે શ્રાપ પાછો ખેંચવાની શક્તિ મારામાં નથી.હવે શું કરવું? રોહિણી ચંદ્રને કહે છે કે તમારી શક્તિ અને પ્રભાને ક્ષય લાગ્યો છે.અત્રિએ મહાન તપ કરીને જગતની સિકલ બદલવા શિવજી પાસેથી તમને મેળવ્યા હતા તે કાર્ય હવે થવાનું નથી.ચંદ્ર કહે છે કે આપણે બ્રહ્માજી પાસે જઈએ તે કોઈક રસ્તો બતાવશે.

ચંદ્ર અને રોહિણી બ્રહ્મા પાસે જાય છે.બ્રહ્માજી તેમને નિગ્રહાનુગ્રહ સમર્થ ભગવાન શિવજીની આરાધના કરવાનું કહે છે.રોહિણી અને ચંદ્રે પ્રભાસ ક્ષેત્રમાં ભગવાન શિવની આરાધના કરી.વર્ષોના તપ પછી શિવજી પ્રગટ થાય છે અને ચંદ્ર પર અનુગ્રહ કરી ચંદ્રની શક્તિમાં પંદર દિવસ વૃદ્ધિ અને પંદર દિવસ ક્ષય થશે એવા આર્શિવાદ આપ્યા તે જગ્યાએ બ્રહ્માજીએ ભગવાન શિવની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું કહ્યું તે સોમનાથ. ચંદ્રે જગતમાં અનેક સત્કાર્યો કર્યા,જગતમાં શિતળતા અને ભાવ વધારવા જીવન પસાર કર્યું અને જ્યારે તેને જગત છોડ્યું ત્યારે લોકોએ કદર કરી એક મહાન શિતળ ગોળો જે આકાશમાં ફરે છે તેને નામ આપ્યું ચંદ્ર..અને ચંદ્ર જોડે જેણે સંસારનો સબંધ બાંધ્યો હતો તે ગમે તેવી પણ મહાન છે તે ચંદ્રની આસપાસ રહેતી નક્ષત્રમાલિકા..સત્તાવીસ માલિકાને પણ તેમનાં નામ આપ્યાં તે છે અશ્વિની,ભરણી,કૃત્તિકા, રોહિણી,મૃગ,આર્દ્રા,પુનર્વસુ,પુષ્ય, આશ્લેષા,મઘા,પૂર્વા ઉત્તરા,હસ્ત,ચિત્રા,સ્વાતિ, વિશાખા, અનુરાધા,જયેષ્ઠા,મૂળ, પૂર્વાષાઢા,ઉત્તરષાઢા,શ્રવણ,ધનિષ્ઠા, શતતારકા,પૂવાભા,ઉત્તરાભા અને રેવતી..સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ.જે જગ્યાએ પ્રભુકાર્ય કરવાવાળા ચંદ્રની ગુમાવેલ પ્રભા પરત મળી તે સ્થાન પ્રભાસ.ભગવાન શ્રીકૃષ્ણે આ પવિત્ર જગ્યાએ દેહ છોડ્યો હતો.

સોમનાથ મંદિરમાં પૂજા માટે એક હજાર બ્રાહ્મણો અને સોમનાથની યાત્રાએ આવતા યાત્રાળુઓના ક્ષોરકર્મ-હજામત કરવા માટે ત્રણસો હજામો રાખ્યા હતા.સોમનાથનો કેટલો વૈભવ હશે અને કેટલું મહાન પવિત્ર સ્થાન હશે તેની કલ્પના કરો.ત્યારપછી સમય જતાં ચંદ્રે ઉભો કરેલ ભાવ ઓછો થયો,શક્તિ ગઈ, વૈભવ ગયો.સંસ્કૃતિની શક્તિ નબળી પડતાં મહંમદ ગઝનીએ મંદિરને તોડીને વૈભવ લૂંટ્યો.

આ બધી કથાનો અર્થ પણ સમજવો જોઈએ.ચંદ્રે ચાર પાપ કર્યા.વૃદ્ધનો અનાદર કર્યો,અનુભવવૃદ્ધ અને જ્ઞાન વૃદ્ધનો અનાદર ના કરવો જોઈએ..પ્રતિજ્ઞાનું પાલન ના કર્યું,પોતાના માનેલા સબંધીઓની સાથે પક્ષપાત કર્યો અને સ્ત્રીઓની ઉપર ભોગની નજર કરી..સ્ત્રી તરફ જોવાની નજર અતિ પવિત્ર હોવી જોઈએ. ધર્મ અને સંસ્કૃતિના કામ કરનાર લોકોમાં ઉપર બતાવેલ પાપ થાય છે ત્યારે તેમને ક્ષય લાગે છે એટલે કે તે ખલાસ થાય છે.

પ્રાચીન માન્યતાઓ અનુસાર સત્યયુગમાં સોમરાજે સુવર્ણનું મંદિર બંધાવ્યું હતું.ત્રેતાયુગમાં રાવણે ચાંદીનું મંદિર બંધાવ્યું હતું અને દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણએ ચંદનના લાકડાથી મંદિરનું નવ નિર્માણ કર્યું હતું.સરદાર વલ્લભભાઈ પટેલે ૧૩ નવેમ્બર,૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃનિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી.આજનાં સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું.૧૧ મે,૧૯૫૧ના દિવસે મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ ત્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા વિધી કરતાં કહ્યું હતું કે ×સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે.× સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે.સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં હાલમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આ ટ્રસ્ટના ચેરમેન છે.

વિનોદભાઈ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## ઉત્તર પ્રદેશના લખનૌ સહિત અનેક ઠેકાણે ભૂકંપના આંચકા

લખનૌ,તા.૨૦

ઉત્તર પ્રદેશમાં લખનઉ અને સીતાપુર સહિત અનેક જિલ્લાઓમાં મોડી રાતે ભૂકંપના આંચકા મહેસૂસ થયા. રાતે લગભગ ૧.૧૬ વાગે આવેલા ભૂકંપની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૫.૨ માપવામાં આવી. જેનું કેન્દ્ર લખનઉથી ૧૩૯ કિમી દૂર ઉત્તર-ઉત્તરપૂર્વમાં ૮૨ કિમીના ઊંડાણમાં રહ્યું. જો કે હજુ સુધી આ ભૂકંપના કારણે થયેલી જાનહાનિ વિશે કોઈ સમાચાર આવ્યા નથી.

આંચકાના કારણે લોકો મધરાતે ઘરમાંથી બહાર નીકળી ગયા. જન્માષ્ટમીની ઉજવણી જ્યાં ચાલતી હતી તે પંડાળોમાંથી પણ લોકો બહાર નીકળી ગયા. લોકોના જણાવ્યાં મુજબ આંચકા એટકા તીવ્ર હતા કે ઘરોમાં રાખેલા ફ્રિજ, કૂલર સહિત અનેક સામાન મોડી રાત સુધી હલતા રહ્યા. કૃષ્ણ જન્મની ઉજવણી થતા જ સીતાપુરમાં પણ ભૂકંપના ઝટકા મહેસૂસ થયા. રાતે લગભગ ૧.૧૬ વાગે અચાનક ભૂકંપનો જોરદાર આંચકો મહેસૂસ થયો.

આ અગાઉ શુક્રવારે ઉત્તરાખંડના પિથોરાગઢ વિસ્તારમાં ભૂકંપના હળવા આંચકા મહેસૂસ થયા. રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૩.૬ની હતી. એનસીએસએ કહ્યું કે જમ્મુ કાશ્મીરના હેનલે ગામના દક્ષિણ-પશ્ચિમમાં રિક્ટર સ્કેલ પર ૩.૧ની તીવ્રતાનો એક વધુ આંચકો મહેસૂસ થયો હતો.

# રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં ઔષધીય વન સહિત બહુવિધ ન્યાયિક સેવાઓનું લોકાર્પણ....

- ગુજરાત હાઈકોર્ટે બહુવિધ જનહિતલક્ષી પહેલ હાથ ધરીને કાનૂની સેવાઓને મહાન ક્ષિતિજ સુધી વિસ્તારી છે
- જનસમાન્ય સુધી ન્યાય પહોંચાડવા માટે આપણે સૌ કર્તવ્યબદ્ધ થવાનો સંકલ્પ લઈશું તો 'સૌને ન્યાય'ની સંકલ્પનાને સાકાર થશે
- કેદીઓ માટેના સોશિયો-સાયકોલોજિકલ કેર સેન્ટરનો પ્રારંભ સરકારની બંધારણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે

ગુજરાત હાઈકોર્ટે પરિસરમાં જન્માષ્ટમીના પાવન પર્વે ઔષધીય વનનું રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સહિતના મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ઔષધીય વન લોકાર્પણ અને ન્યાયિક સેવાઓ સંલગ્ન વિવિધ પ્રોજેક્ટસના લોન્ચિંગ પ્રસંગે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એમ.આર. શાહ, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદ કુમાર, આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ સહભાગી થયા હતા.

આ સમારંભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત હાઈકોર્ટના ચાર પ્રકલ્પો થકી જનકલ્યાણની યાત્રા અવિરત આગળ ધપાવવા બદલ સર્વેને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, ન્યાયાધીશ અને ન્યાયાલય ન્યાય પ્રક્રિયા પૂરતા સીમિત છે, તેવી જનમાનસની માન્યતાથી ઉપર ઊઠીને ન્યાયાલય દ્વારા હાથ ધરાયેલ લોક ઉપયોગી વિવિધ પહેલ સામાન્યજન માટે પ્રેરણારૂપ બની રહેશે. કેદીઓ માટે મનૌવૈજ્ઞાનિક અભિગમ સાથે કાઉન્સેલિગનો અભિગમ ન્યાયાધીશોની દરેક નાગરિક પ્રત્યેની સંવેદનશીલતા અને માનવીય સંવેદનાનો પરચો કરાવે છે, એવું તેમણે ઉમેર્યું હતું.

સ્વસ્થ શરીર શ્રેષ્ઠ જીવનનો આધાર હોવાનું જણાવી રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય શાસ્ત્રોમાં ધર્મ , અર્થ અને કર્મ દ્વારા જ મોક્ષ પ્રાપ્તિનો રસ્તો બતાવવામાં આવ્યો છે. સ્વસ્થ શરીર થકી સ્વસ્થ સમાજના નિર્માણ માટે પ્રકૃતિનું જતન અને સંવર્ધન જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આયુર્વેદિક વન આ સંકલ્પના સાકાર કરવા મદદરૂપ બની રહેશે તેવો ભાવ પણ રાજ્યપાલ શ્રીએ વ્યક્ત કર્યો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આ કાર્યક્રમના માધ્યમથી ઉપસ્થિત તમામ લોકોને પાંચ વૃક્ષોને વાવીને તેનું જતન કરીને પ્રકૃતિનું સંવર્ધન કરવા અનુરોધ કર્યો હતો.

માતૃભાષામાં શિક્ષણ અને ન્યાયનું મૂલ્ય અને મહત્ત્વ સમજાવતા હૃદયસ્પર્શી પ્રસંગોની પ્રસ્તુતિ સાથે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ન્યાયિક પ્રક્રિયાને માતૃભાષામાં અમલી બનાવવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

બહુવિધ કાનૂની સેવાઓના પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, હાઈકોર્ટ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે આજે શરૂ કરેલી પ્રવૃત્તિઓ દર્શાવે છે કે કાનૂની પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર હવે માત્ર મફત કાનૂની સહાય પૂરતું મર્યાદિત ન રહેતાં તમામ કાનૂની સેવાઓની પ્રવૃત્તિઓને આવરી લઈને મહાન ક્ષિતિજ સુધી વિસ્તર્યું છે, એ અભિનંદનીય છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે અમૃત કાળના સંકલ્પોની વાત કરી હતી, તેનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે જનસમાન્ય સુધી ન્યાય પહોંચાડવા માટે આપણે સૌથી કર્તવ્યબદ્ધ થવાનો સંકલ્પ લઈશું તો આપણે 'સૌને ન્યાય'ની સંકલ્પનાને સાકાર કરી શકીશું. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ભારતીય બંધારણમાં કલમ ૨૧ અંતર્ગત દરેક વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્યનો અધિકાર આપવામાં આવ્યો છે. જેલના કેદીઓનું માનસિક સ્વાસ્થ્ય પણ જળવાઈ રહે એ માટે આપણે કાળજી લેવાની હોય. આજે ગુજરાત સરકારના ગૃહ વિભાગ અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના સહયોગથી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે સેન્ટર ફોર સોશિયો-સાયકોલોજિકલ કેર ઑફ પ્રીઝન ઈન્મેટ્સનો પ્રારંભ થઈ રહ્યો છે, જે સરકારની બંધારણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે, એવું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં મુખ્યમંત્રી શ્રીએ ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત રાજ્ય કાનૂની સત્તામંડળની બહુવિધ કાનૂની પ્રવૃત્તિઓ માટે મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ અરવિંદ કુમારને અભિનંદન પાઠવીને જણાવ્યું કે કાનૂની સેવાને મફત કેસ લડવા પૂરતું મર્યાદિત નહિ રાખીને સેવાક્ષેત્રને વિસ્તાર્યું છે, એનાથી ગરીબ-વંચિત લોકો સુધી ન્યાય પહોંચી શકશે.

મુખ્યમંત્રી શ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રીએ થોડા સમય પહેલાં દેશના મુખ્ય ન્યાયાધીશો અને મુખ્યમંત્રીઓની પરિષદમાં કહેલું કે સુરાજ્યનો આધાર ન્યાય છે. જનતા સમજે એવી ભાષામાં તેમના સુધી પહોંચવું જરૂરી છે. આજે ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક 'જનસમસ્ત અને કાયદો'નું વિમોચન થયું છે, એ વડાપ્રધાનના વિચારને અનુરૂપ છે.

કોરોના મહામારી દરમિયાન આયુર્વેદની અસરકારકતાનો અનુભવ યાદ કરીને મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે હાઈકોર્ટમાં ઔષધીય વનથી લોકોમાં પર્યાવરણ અને આયુર્વેદ અંગે જાગૃતિ વધશે.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળની નવીન વેબસાઈટનું લોન્ચિંગ વડાપ્રધાન શ્રીએ આપેલા 'ઈઝ ઓફ લિવિંગ'ના મંત્ર સાથે આત્મનિર્ભરતા તરફનું સરાહનીય પગલું હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.મુખ્યમંત્રી શ્રીએ નેશનલ લીગલ સર્વિસીસ ઑથોરિટીને ૨૫ વર્ષ પૂરાં થવાના નિમિત્તે તેની સેવાઓ અને પ્રવૃત્તિઓને યાદ કરીને શુભેચ્છાઓ પાઠવી હતી.સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અને નેશનલ લીગલ સર્વિસીસ ઑથોરિટીના ચેરમેન શ્રી જસ્ટિસ ઉદય ઉમેશ લલિતે જણાવ્યું કે, શ્રીકૃષ્ણનો જન્મ પણ જેલમાં થયો હતો. આજે ઘણી માતાઓ સાથે તેમનાં બાળકોને પણ જેલમાં રહેવું પડે છે. આવાં બાળકો શિક્ષણ કે વિકાસની તકથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખવી જરૂરી છે, એમ તેમણે ઉમેર્યું હતું .

જસ્ટિસ લલિતે વધુમાં ઉમેર્યું હતું કે રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીની સહાયથી જેલમાં કાર્યરત થયેલ સામાજિક અને મનોવૈજ્ઞાનિક કેર સેન્ટરની પહેલ દેશ માટે ઉદાહરણરૂપ અને અનુકરણીય સાબિત થશે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી એમ.આર.શાહે ઉપસ્થિતોને જય શ્રી કૃષ્ણ સાથે સંબોધન કરીને જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, ભગવાન કૃષ્ણે ન્યાય માટે પોતાના મૂલ્યો સાથે ક્યારેય બાંધછોડ કરી નથી. વંચિતો-પીડિતોને ન્યાય અપાવવા તેઓ હંમેશાં અગ્રેસર રહ્યા છે.

આજરોજ હાઈકોર્ટમા કાર્યાન્વિત થયેલ ઔષધીય વન




'તંદુરસ્ત સમાજથી સ્વસ્થ રાષ્ટ્ર નિર્માણ'ની પરિકલ્પના સાકાર કરશે.તેમણે સામાજિક-મનોવૈજ્ઞાનિક સેન્ટરના લોકાર્પણ સંદર્ભે કહ્યું કે, સમાજમાં થતા ૭૦થી ૮૦ ટકા ગુનાઓ પરિસ્થિતિજન્ય હોય છે.જેથી ગુનેગારોને સજા થયા બાદ તેમનું પુનઃવસન અને સુધારાના પ્રયત્નો પણ જરૂરથી થવા જોઈએ જે દિશામાં ગુજરાતની સાબરમતી જેલથી આજરોજ ઉદાહરણીય પહેલ હાથ ધરવામાં આવી છે.

સમારંભમાં સ્વાગત પ્રવચન ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી અરવિંદ કુમાર દ્વારા આપવામાં આવ્યું તો આભાર વિધિ હાઈકોર્ટના ન્યાયાધીશ અને ગ્જીન્જીછના એક્ઝિક્યુટિવ ચેરમેન જસ્ટિસ સોનિયાબહેન ગોકાણી દ્વારા કરવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટના ઓડિટોરિયમમાં આયોજિત સમારંભમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ બેલાબહેન ત્રિવેદી અને જસ્ટિસ જે.બી. પારડીવાલા વર્ચ્યુઅલી માધ્યમથી જોડાયા હતા. ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત તથા વર્તમાન ન્યાયાધીશો અને પદાધિકારીઓ ઉપરાંત એડવોકેટ જનરલશ્રી કમલભાઈ ત્રિવેદી, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન, અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ન્યાય ક્ષેત્ર સાથે સંકળાયેલા તજજ્ઞો, વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ સમારંભમાં સહભાગી બન્યા હતા.

-દિવ્યેશ વ્યાસ, અમિતસિંહ ચૌહાણ

# શ્રાવણમાં મારો ભોળિયો શંભુ અમારો ભૂવાનાદ કેમ ન સાંભળે??

દુનિયામાં મને કોઈની ઈર્ષા થતી નથી.રણવીરકપૂર આલિયાને પરણે તેની મને ઈર્ષા થતી નથી. શા માટે ઈર્ષા કરવાની? આલિયા જોડે લગ્ન કરીએ તેમાં દામ્પત્યજીવન કંકોડા ભોગવવાનું? એ શૂટિંગ કરતી હોય અને તમે ઘરે બાળકના નેપી બદલતા હો તેમાં શું લાટા લેવાના?

હવે માની લો કે મુકેશભાઈ અંબાણી. સંપતિની સાથે શરીરસંપત્તિ વધતી જાય છે. અનિલે ફીટનેસ મેઈનટેઈન કર્યું તો સંપતિના મામલે નાદાર છે. આ બંને ભાઈની શું ઈર્ષા કરવાની હોય? એ લોકો સહાનુભૂતિને પાત્ર છે. મુકેશભાઈ એન્ટાલિયામા રહે છે પણ સતત ફફડતા રહે છે. એ લોકો જે કમાણી કરે છે એના કરતા એનું દેવું વધારે છે. માથાના વાળ કરતા પણ દેવું વધારે છે.

આપણે શૈતાનિક વર્સિસ લખનાર સલમાન રશદી અગર રાજુ શ્રી વાસ્તવની રતિભાર ઈર્ષા કરી શકાય તેમ નથી.

મને કોઈની ઈર્ષા થતી નથી એ વાત બહુ સાચી નથી. મને અમદાવાદની અતિ ઈર્ષા થાય છે. અમદાવાદ સ્થાપનાકાળથી ગાંધીનગર-નેઈબર્સ એનવી રહ્યું છે!! સ્થાપના પણ કેવી કલ્પનાતીત ઘટના! જબ કુતે પે સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા! ગાંધીનગરની સ્થાપનાની કોઈ ભવ્ય સ્ટોરી જ નહીં. જીઈબીના ગેસ્ટહાઉસમાં ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકાયેલી . કોઈ ચિલ કે થ્રિલ જોવા મળે? શીટ ગાંધીનગર.લ્યાનત છે !!!અમદાવાદે ચોમાસામાં ચમત્કાર સર્જ્યો છે. માતાજીના ભૂવા અગર કોઈ સર્જ્જનની અટક ઉપરાંત ભૂવે જમીન પર હોય તે માનવા તૈયાર ન હતું. લોકો નવજાત ભૂવાને નિહાળવા ધસી જતા. આમ, ભૂવા ટ્રાવેલિંગની નવી સંભાવના સર્જાઈ રહી છે!! એએમટીએસ અમદાવાદ શહેરના જોવાલાયક સ્થળો માટે એક દિવસની કન્ડકટેડ ટુર ગોઠવે છે. આ રીતે વિવિધ સાઈઝના, વિવિધ આકારના ભૂવાની સર્કીટ ટુર ગોઠવી શકાય!! ઘણા દેશોમાં પ્રવાસી અમુક રકમ ભરે તો વગર ગુનાએ,વગર સજાએ ફન ફોર જેલ જીવનનો અનુભવ કરી શકે તેવી ટુર ઓર્ગેનાઈઝ થાય છે. આપણે તો આફતને અવસરમાં બદલનાર પ્રજા છીએ. ભૂવા રીપેર કર્યા સિવાય ભૂવામાં રહેવાની અડધા દિવસ કે આખા દિવસની ટુર ગોઠવી શકાય. જેમાં મિનરલ વોટરના બદલે ડહોળું પાણી આપી શકાય. ગટરની સ્મેલ એડ કરી શકાય. ભૂવામાં ગરકાવ થયેલી કારનો બેઠક રૂમ કે સોફા તરીકે, સ્કૂટરનો ટીપોઈ તરીકે ઉપયોગ કરી શકાય. નાલીનો ગેસ ત્યાં ઉપલબ્ધ છે તેમાંથી ચા-કોફી બનાવી શકાય.ભૂવામાં ભેજવાળી હવા છે જ. આવા સમશીતોષ્ણ વાતાવરણમાં ચાય પે ભૂવા ચર્ચા કરી શકાય. જગતભરમાં પડેલા ભૂવા મંગાવીને દસ હજાર એકર જમીનમાં વર્લ્ડ કલાસ ભૂવા મ્યુઝિયમ બનાવી આવનારી પેઢીને ભૂવાની અદ્યતન વિગતોથી વાકેફ કરી શકાય!

" ભૂવા નહીં દેખા તો કુછ નહીં દેખા" ,"કુછ તો દિન ગુજારો ભૂવામે!"જેવા આક્રમક સ્લોગન સાથે ભૂવા ટુરિઝમનું બ્રાન્ડીંગ કરી શકાય!!મેં જ્યારે જ્યારે છાપું ખોલ્યું છે ત્યારે કોઈપણ જાતના મેટરનિટી હોમ અગર ગાયનેકોલોજીસ્ટની મદદ વગર અમદાવાદમાં બેબી બમ્પ વિના બેબી શાવર વિના ભૂવારત્નોનું પૃથ્વી પર અવતરણ વાંચ્યું છે ત્યારે મારું મસ્તિક અમદાવાદની દેવભૂમિને કોટિ કોટિ પ્રણામ કરતા ચરમ અને પરમ અહોભાવથી ઝૂકી ગયું છે. ભૂવાઓનું નિરંતર સર્જન કરતી એ ફળદ્રુપ જમીન પરત્વેનું સન્માન અને ભકિતભાવમાં સાત્વિક વધારો થયો છે.કેવી એ મહાન ભૂમિ છે જે વગર માંગ્યે યત્ન વિના અનાયાસે વિના પ્રયત્ને શહેરીજનોના ચરણકમળમાં ભૂવારત્નોની ભેટ ધરે છે. અમદાવાદના પવિત્ર યાત્રાધામ સમા તીર્થક્ષેત્ર કે ભૂવાધામમાં સાક્ષાત દંડવત પ્રણામ કરીને કરોડો ગાયોના દાનતુલ્ય પુણ્યસંપુટ સંચય કર્યો છે!! હું ગદગદ થઈ જતો!!

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે મારાથી તુલના થઈ જતી. અમદાવાદ જેવી તમામ લાયકાત હોવા છતાં ભૂવાના નામે ગાંધીનગરીને ઠેંગો?આવો અન્યાય?મારી ભૂમિ નિર્માલ્ય અને નિર્વીર્ય છે કે એક ભૂવો તો શું એક ભૂવું પણ પાડી ન શકે?? અમારે ભૂવાની આશામાં મરી જવાનું?અમારી ગાંધીનગરની ભૂમિના મેડીકલ ટેસ્ટના રિપોર્ટ નોર્મલ છે છતાં ગાધીનગરને સારા દિવસો કે ભૂવાવડથી વંચિત રહેવાનું? અમે અમારા કિસ્મતને કોસતા હતા. હાય રે કિસ્મત!! અમારી ગાંધીનગરની કૂખ ખાલી જ રહેશે ? કાક વંધ્ય જ રહેશે? ભૂવાની કિલકારી ક્યારે અમારા રોડ સાંભળશે ??અમારા રોમેરોમમાં ભૂવો વિલસતો હતો. અમારી નસેનસે ભૂવાને ઝંખતી હતી. તેરે બિના કયા જીના ઓ ભૂવારે? આ અમારો આર્તનાદ હતો!!!અમદાવાજની ગૌરવવંતી પવિત્ર ભૂમિ અને ગાંધીનગરની ભૂમિ . અમારો જીવ બળતો હતો. અમારો જીવ બળીને કોલસો થઈ ગયો. અમારું જીવન વ્યર્થ છે તેવું હરપળે લાગતું હતું.

કહે છે કે ભગવાનને ઘરે દેર પણ નથી અને અંધેર નથી. ભગવાનની ચકી ધીમું દળે છે. ગઈ કાલ અમારા માટે ભૂવાષ્ટમી હતી! ભગવાને અમારો આર્તનાદ સાંભળ્યો. શ્રાવણમાં મારો ભોળિયો શંભુ અમારો ભૂવાનાદ ન કેમ સાંભળે? ભોળિયો મહાદેવ તરત દાન ને પુણ્યમાં માને છે. ચટ અરજ અને પટ ભૂવો આપે છે. એને આશીર્વાદની મુદ્રામાં તથાસ્તુ કહેવાનું છે.એને કયાં ટેન્ડર બહાર પાડવાનું છે.?બીજે ક્યાંય નહીં! સેકટર ૭-૮ વચ્ચે અમારા સેકટરમાં ભૂવાનો જન્મ થયો છે. ભૂવાને રમાડવા આવજો અને નાનો બચુકડો ખાડો ભૂવાને રમવા માટે સાવજો! અમ સેકટરમાં આનંદ ભયો, હાથી ઘોડા પાલખી જય ભૂવાલાલ કી!!

શેરી વળાવીને સજ્જ કરું ભૂવા હરિ ગાંધીનગરમાં આવોને !! ગાંધીનગરમાં કોક દિ ભૂલો પડ ભૂવા તને અમદાવાદ ભૂવાની દઉં!!જેવી રીતે ગૌતમને વટવૃક્ષ નીચે બોધિતત્વની પ્રાપ્તિ થયેલી તેમ સેકટર સાત-આઠના જંકશને અમને ભૂવાતત્વની ઉપલબ્ધિ થઈ!!!

ભરત વૈષ્ણવ
૧૮.૮.૨૦૨૨.ઈ
હાસ્યલેખ

-------------------

## કાફી

મૂશળધાર વરસાદમાં બે
તનને,
ભીંજાવા એક છત્રી કાફી
છે.
ધોધમાર વરસાદમાં બે
તનને
ધબકવા એક રેઈનકોટ
કાફી છે!!
સાંબેલાધાર વરસાદે
નીતરતા બે તનને,
ગરમ થવા એક કોફી
કાફી છે.
અંદર વરસાદ, બહાર
વરસાદ,
ફરફરને વધાવવા ગરમ
ચુંબન કાફી છે.
ઝરમર ઝરમર વરસાદમાં
કોરા રહેવા,
એક કોરું વાદળ પાયદળ
કાફી છે !!

ભરત વૈષ્ણવ
૧૦.૭.૨૦૨૨.ઈ કવિતા

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 0089
વિષય : કાનો
પ્રકાર : પદ્ય
પ્રવિણા કડકિઆ
શીર્ષક મારે આંગણે

આજ સખી મારા આંગણિયામાં ખેલે
નંદકુમાર જો
તોરણ બાંધ્યા દીવડા પેટાવ્યા અંતરે થયો
ઉજાસ જો
નંદકુંવરને પાયે રુમઝુમ ઝાંઝરનો
રણકાર જો
મોર મુકુટ માથે ને સંગે સોહે
મોરપીંછ જો
કાળી કામળી હાથમાં લાકડી ગાયો
ચારવા જાય જો
ગોપ બાળોની સંગે નટવર નટખટ
સોરાય જો
મહીડા માખણ ચોરી લાલો બેઉ હાથે
મંડાણો જો
મધુરી મીઠી વાંસલડીના સૂરમાં ભાન
ભૂલી જો
ગોપીઓની સંગ રાસલીલામાં વ્રજની રેણુ
હરખે જો
જુગલ જોડીની ઝાંખી કરતા હૈયે હરખ ન માય જો
હું તમારી તમે છો મારા જીવનો થયો
ઉદ્ધાર જો
આવ્યા ત્યારે ભલે પધાર્યા અંતરે કીધો
વાસ જો

---------------------------------

NoG SS No : 0078
પ્રકાર - પદ્ય
વિષય - શ્રી કૃષ્ણ
શીર્ષક - છે એવો કોઈ?

વાંસળીના સૂરથી જે પ્રેમ રેલાવે, છે એવો કોઈ?
આંગળીથી પહાડ ગોવર્ધનને ઉપાડે, છે એવો
કોઈ?
પૂતના કંઈ બાળને ભરખી ગઈ, સૌ થરથરે,
પણ ત્યારે;
બાળ નાનો રાક્ષસીને મારી દેખાડે, છે એવો કોઈ?

ગામ આખું બીકથી જેની યમુના તીરે પણ ના
જાતું,
પણ પડી અંદર જે કાળી નાગને તાડે, છે એવો
કોઈ?

ગોપીઓનાં વસ્ત્ર ચોરે, માટલું ફોડી પલાળે ને
એ જ;
દ્રૌપદીને ભરસભામાં ચીર પ્હોંચાડે, છે એવો
કોઈ.
આખું ગોકુળ જેની પાછળ ગાંડુતૂર, આથી વધુ
સૌ શું કહે?
એક બાળક, મ્હોંમાં જે બ્રહ્માંડ સંભાળે, છે
એવો કોઈ?
માત્ર એક બસ સૌના મોઢે નામ ×શ્વેતા× આ
બધી ઘટનામાં!
કૃષ્ણ જે સર્વત્ર ગીતાસાર ફેલાવે, છે એવો
કોઈ.

- શ્વેતા તલાટી

-----------------------------------

NOGSS/0044
વિષય:- કૃષ્ણ- રાધા
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- તું આવીને સમજાવ.
શબ્દો:- ૯૯
નામ:- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

તારાં ભક્તો થયાં નાસમજ,
કાનુડા તું આવીને સમજાવ.
તું રુક્ષમણીને ભગાડી ગયો,
ભક્તો એને સમજે તારી લીલા.
હું, માનવી ભગાડી જાઉં તો
તારાં ભક્તો કહે લંપટ.
કાનુડા તું આવીને સમજાવ
તું પરણ્યો રુક્ષમણીને,
રાધા તારી પ્યારી દોસ્ત.
હું પરણીને દોસ્તી રાખું તો,
કહે એને કાલાધન.
કાનુડા તું આવીને સમજાવ .
રુક્ષમણીને પણ મંજૂર ,
તારો રાધાનો પ્રેમ.
હું એવો પ્રેમ કરું તો,
ઘરમાં સર્જાય મહાભારત
કાનુડા તું આવીને સમજાવ .
કાના, તારો ને મારો ,
બંન્નેનો મનખા અવતાર ,
તો પછી શીદને તારા મારામાં આ ભેદ?
કાનુડા તું આવીને સમજાવ .

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા

-------------------------------------

NOG- SS No- 111
વિષય - રાધા-કૃષ્ણ
વિભાગ - પદ્ય
શીર્ષક - શ્યામ સમીપે
હાઈકુ
-------
૧) શ્યામ સમીપે,
લાગણીએ તણાઈ,
રૂપાળી રાધા.
૨) આંખ બંધ તો,
શ્યામ દેખાય બધે,
અંતરમને.
૩) રાધાની સંગે,
રાસ રમંતા શ્યામ,
કેમ ભુલાય ?
૪) વ્રજ મંડળ,
મધ્યમાં કૃષ્ણચંદ્ર,
કેવાં સોહાય !
૫) શ્યામ સંગાથે,
ઘેલી બની ગોપીઓ,
ભાનભૂલંતી.
૬) મુગ્ધ હૃદયમાં ,
બિરાજતાં કહાન,
આનંદ અર્પે.
૭) રાધારમણ ,
નિહાળીઆ તમને,
વારી જવાય.

મુક્ત પંચિકા
--------------
માયા રાધાની ,
વેણુ સંગમાં,
શ્યામ શોધી રહ્યાં છે,
વૃંદાવનની,
કુંજગલીમાં.

ભાવના આચાર્ય દેસાઈ
' ભાવુ '
૧૯/૦૮/૨૦૨૨

-------------------------------------

NOG SS NO :004
વિષય: રાધા કૃષ્ણ
પ્રકાર: પદ્ય
શબ્દ: ૧૪૦
શીર્ષક:વહાલા

વહાલા
આ જો ને
ભલે જગમાં ભવે ભવે..!
કથા વાર્તા રૂપે
તું અને હું ..
'રાધા કૃષ્ણ'
વસીએ અંતરે..!
પણ ભવે ભવે
ન મળીએ તે કેવો શાપ..?
મન મનાઉં તો રાધા
વિરહ પામું તો મીરાં
સજા પામું તો જયશ્રી
જાણું તો સખી દ્રૌપદી..
ક્યા ભવે બનું રૂક્મણિ..?
ન બની હું કેમેય સંગિની!
તોએ બોલાય સંગે સંગે
રાધે કૃષ્ણ 'જયશ્રી કૃષ્ણ'
વહાલા
આ જો ને
ભલે જગમાં ભવે ભવે...!

જયશ્રી.પટેલ ૧૯/૮/૨૨

-----------------------------

N.O. G. S. S. No. 0102.
નામ:- રતીલાલ વાયડા
વિષય. :- રાધાકૃષ્ણ.
પ્રકાર:- ગદ્ય લેખ.
શીર્ષક:- જન્માષ્ટમી રાધાકૃષ્ણ.
રચના:-

આજે તારીખ ૧૯/૮/૨૦૨૨. શુક્રવાર. ભગવાન શ્રીકૃષ્ણ નો ૫૨૪૯ મો જન્મદિવસ છે.

રાધા અને કૃષ્ણનો આધ્યાત્મિક પ્રેમ એ શ્રીમદ ભાગવત તેમજ અનેક ગ્રંથોમાં વર્ણવાયેલો છે. બરસાનાની સુંદર ચંપક વરણી રાધા, કૃષ્ણના સાથે પ્રેમથી બંધાય કૃષ્ણની વાંસળી એ તેને ઘેલી બનાવી.

માધવ અને રાધા બંને વચ્ચેનો પ્રેમ કદમની ડાળીએ જમના કિનારે મધુવનમાં તેમજ બરસાનામાં જોવા મળે છે.

શ્રી કૃષ્ણ ભગવાનને ૧૬૧૦૮ રાણીઓ હતી. જેમાં આઠ રાણીની સાથે તેને કાયદેસર લગ્ન કરેલા હતા. રાધા સાથેનો પ્રેમ એ લગ્ન વિના આધ્યાત્મિકતાની ઉચ્ચ કક્ષાએ જોડાયેલો હતો.

શ્રી કૃષ્ણની બંસી એ ઘેલી સખી રાધા નાચતી કુદતી આવતી અને અનેક પ્રકારની લીલા રાધા અને કૃષ્ણ દ્વારા થતી હતી.રાધા અને કૃષ્ણ રાસલીલામાં મગ્ન બની જતા હતા.

ગોકુળ છોડી અને ભગવાન દ્વારકા પધાર્યા. એમ કહેવામાં આવે છે કે ત્યારથી તેણે વાંસળીનો ત્યાગ કરેલો હતો .રાધા હતી તો વાંસળી હતી.

દ્વારકા નગરીમાં આજે રાજાધિરાજ શ્રીકૃષ્ણ ચંદ્રનો જન્મદિવસ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવે છે. દ્વારકાનું જગત મંદિર અનેદ્વારકાને રંગીન લાઈટો અને ડેકોરેશન થી શણગારેલું છે. લાખો યાત્રીકો આજે દ્વારકા દર્શન કરવા પધારેલા છે.

રાજાધિરાજ ,રાજરણછોડ, શંખ,ચક્ર ,ગદા ,પદ્મ, મોર મુગટ ,અને બંસી ધારણ કરનારા , સોનાની છડી, ચાંદીની મસાલ ,જર્કસી જામા ,અનેક સુંદર વસ્ત્ર, સોનામાં હીરા અને રત્નોથી જડેલા અલંકારો અને આભૂષણોથી શોભતા એવા ભગવાન શ્રીકૃષ્ણનો આજે જન્મદિવસ ઉજવવામાં આવે છે.

સવારમાં ભગવાનને ખુલે પરદે સ્નાન કરાવવામાં આવે છે,અને ત્યાર પછી આખો દિવસ જુદા જુદા ભોગ વસ્તુઓ અને તેમજ આરતીથી તેને પૂજવવામાં આવે છે.

આખા ભારતમાં આ ઉત્સવને ઉજવવામાં આવે છે. જુદે જુદે ઠેકાણે અનેક મંદિરોમાં કાર્યક્રમો યોજવામાં આવે છે .ગોપો દહીં હાંડી ફોડવા માટે તલપાપડ થઈ રહ્યા હોય છે.

આજે રાત્રે બરોબર ૧૨;૦૦ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના જન્મના દર્શન દુરદર્શન અને ટીવીની અનેક ચેનલોમાં બતાવવામાં આવશે .તો તેનો ઘરે બેઠા લાભ લઈ ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર કરી અને તેના આશીર્વાદ અને કૃપા મેળવશો .

લેખક:- રતીલાલ વાયડા
નવી મુંબઈ.૧૯/૮/૨૦૨૨.

---------------------------------

NOG SS NO.118
વિષય: રાધાકૃષ્ણ
વિભાગ: પદ્ય
શીર્ષક: બીનતી કરું..

બીનતી કરું તમને... બાંકેબિહારી...!!
બીનતી કરું તમને....ઓ બનવારી...!!
સુધબુધ વિસારી... અનિમેષ નીહાળી....
આંખોમાં ભરી લઉં મોહન...મોહક છબિ તારી....!!

બીનતી કરું તમને.. ઓ રે મુરારી.....
બીનતી કરું તમને... ઓ મોરપીચ્છધારી...!!
હળધરની સાથે રમતા.. હળવેથી માખણ ખાતા...,
નંદયશોદાજીના લાડકવાયા....!!
બીનતી કરું તમને....ઓ ગિરધારી...!!
બીનતી કરું તમને...ઓ બંસીધારી... !!
એક છબિ છે કોતરાઈ, અંતરમાં મારી..
કેમ રહું દૂર તારાથી, રાધાના સ્વામી...!!

બીનતી મારી સૂણ લે...
કૃષ્ણ કન્હાઈ..!

અમદાવાદ -ચૈતાલી જોશી

---------------------------------

સાહિત્યસરિતા પરિવાર(૧)
NOG NO.S.S.0059.
વિષય: કૃષ્ણ. જન્માષ્ટમી.
શીર્ષક: પ્રેમની પરિભાષા
શબદો: ૨૦૫.
જયકાન્ત ઘેલાણી 'પ્યારે'

ફકત અઢી અક્ષરનો શબ્દ, 'પ્રેમ'! પરંતુ મનુષ્યનાં અગણિત, અણમોલ સંબંધોને સ્નેહની સાંકળથી જોડતી અતૂટ કડી. 'વસુધૈવ કુટુમ્બકમ' ની ભાવના પ્રેમ શબ્દની નીપજ છે.

પ્રેમ, શબ્દ કર્ણપટલ પર પડે એટલે સૌ પ્રથમ યોગેશ્વર શ્રી કૃષ્ણનું નામ નજરસમક્ષ આવે કારણ, તેમણે જ પ્રેમ ની પરિભાષાને સાર્થક કરીને ,વિશ્વ સમક્ષ ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

બાલ્યાવસ્થામાં કાળીનાગ દમનનો શૌર્યભર્યો
જીવસૃષ્ટિ સાથેનો અંહિસારૂપ સ્નેહભાવ !

યુવાનીમાં ગોપીઓ સાથે રચેલી રાસલીલામાં પ્રગટ થતો નિસ્વાર્થ- નિર્દોષ સ્નેહ.તો રાણી રૂકમણી સાથેનો સાંસારિક સંબધ !

રાધા પ્રત્યે અદ્ભુત ,અલૌકિક પ્રેમ તો શ્રધ્ધાભક્તિપૂર્ણ મીરા માટે
આદર પૂર્વક નો અહોભાવ !.
બાળસખા સુદામા તરફનો
શુધ્ધ નિષ્ઠાભર્યો ,મૈત્રીપૂર્ણ ભાતૃભાવ !

નંદલાલાની પ્રેમની પરિભાષા જેણે આત્મસાક્ષાત્કાર કરી તે જ ભગવાનનાં પ્રિયપાત્ર બન્યાં.

ભગવાન કૃષ્ણએ બનાવેલી સોનાની દ્રારકા નગરી તો જળમગ્ન થઈ ગઈ છે,પરંતુ આ ધરતી પર કૃષ્ણપ્રેમ અવિરત રહ્યો છે.

પ્યારે×, ચાલો, આપણે પણ તેઓનાં પદ્દ્ચિન્હો પર ચાલીને સમગ્ર વિશ્ર્વમાં સુખ-સમૃધ્ધિ -અમનનું સામ્રાજ્ય સ્થાપવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપીએ.

આપણું અખંડ ભારતનું સ્વપ્ન સાકાર કરવા કમર કસી, વિશ્ર્વની પ્રજાને અવ્વલ નંબરની 'પ્રેમની પરિભાષા' સમજાવી,ભારતની
વિશેષતા જણાવીએ .

-----------------------------------

NOG SS No-106
ફ્રૈંય્-સાહિત્ય સરિતા-ગ્રુપ
પ્રકાર:-ગદ્ય
શબ્દ:-૩૩૦
વિષય:-'કૃષ્ણ-રાધા'
શીર્ષક:-
રાસલીલા-રાધારમણની
શ્રાવણ-કહાનો-ઝૂલો-
રાધા-ગોપી-એકમેકથી જોડાયેલાં છે.
ઝૂલે ઝૂલતા બાલમુકુંદનું સ્મરણ એટલે શ્રાવણ..
રાધા-રમણાની તો ઈર્ષ્યા થાય.
'દ્વારિકાધીશ' કરતાં 'બાલમુકુંદ' વધારે ગમે!
એટલે..'વડના પાદડાંમાં, ટૂંટીયુંવાળીને પગનો અંગૂઠો ચૂસતો કનૈયો×'-- કલ્પના બહુજ ગમે..
માથે મોરપીંછ,અંગે પોતડી પહેરેલો શ્રીકૃષ્ણ!
પાણીના ખાબોચિયાંમાં કાગળની હોડી તરાવતો,
કીચડમાં ગંદો થયો હોય!
વરસાદી માહોલ ગમે!
કૃષ્ણ-ગોપી-રાસલીલાની રમઝટ,વરસાદનાં અમીછાંટણાં,
યમુનાની લહેરો,
જેલમાંથી કૃષ્ણને કરંડીયામાં ઉપાડી માથા સુધીના યમુનાના પાણીને કાપી, આગળ વધવા મથતા વસુદેવ!
સાક્ષાત્ ભગવાન કૃષ્ણને મળવા થનગનતી કાલિંદી!-
મસ્તીખોર-બાલ કાનુડો?..આ જોઈને મજાતો લૂંટતો હતો!
છેવટે કાલિંદીનો કૃષ્ણને મળવા માટેનો થનગનાટ જોઈ ★કૃષ્ણથી ના રહેવાયું!!!
એક પગનો અંગૂઠો એવોતો સરસ રીતે બહાર કાઢ્યો
કે કાલિંદી.!.
×એ× સ્પર્શથી શાંત થઈ. !!
વસુદેવજીએ આરામથી નદી ઓળંગી!
વસુદેવે ગોકુળનરેશને મહેલમાં લઈ
!×પારણીએ પોઢાડ્યા! ત્યાં..જ..
×નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલકી!×
રાસલીલા-
'રાધા/કૃષ્ણનું સ્મરણ શ્રાવણ'
નંદ ઘેર ઝૂલામાં ઝૂલતા નંદલાલ!
મન મોહે.
ઝૂલણું ઝૂલવું એવું તો આરામ દાયક,
સૌના મન મોહે..
કૃષ્ણને હૂલાવવા,મનાવવા વહાલ કરવા .. !!
×કૃષ્ણ જન્મોત્સવથી મહિના પહેલાં,
કાનુડાને યાદ કરવા,
ઝૂલા સજાવવાનું શરૂ થાય.
જેને×હિંડોળા× કહે.
મંદિરો-હવેલીઓમાં હિંડોળા સરસ સજાવવામાં આવે. ઝૂલાને-હીંચકો-હિંડોળો પણ કહેવામાં આવે.!!
×ઝૂલો× સામાજિક પ્રસંગોથી પણ જોડાયેલો છે. ધોમધખ્યા તડકામાં ધીંગા મસ્તી કરતાં,
નદીની,લહેરો સાથે તાલ મિલાવતો ઝૂલો,ઝાડની ડાળીને પકડીને એકબીજા મિત્રોને ધક્કા મારી, હાથ લાલ થઈ જાય ત્યા સુધી, હીંચકા ખાવાના!!
જુવાન થતાં પ્રેમીપંખીડાંને ×ઘેલ કરવાનું મુખ્ય સાધન×પણ ઝૂલો!
..ગાય ખાવાનું વાગોળે.. એમ...
વડીલોનું જમીને ઘૂટરઘૂ..
જિંદગીને વાગોળવાનું સ્થાન-ઝૂલો ..
વિચારોનું ઉદ્દ્ગમ સ્થાન ઝૂલો!
વિચારોનું પ્રતીક ઝૂલો..
×કાં બાલા કાં બુઢ્ઢા×? નાના-મોટા સૌને ઝૂલો વ્હાલો!
શ્રાવણના સરવડાંમાં ભીંજાતાં પ્રેમથી ભીંજાઈ પ્રેમગીતો ગાવ.
સમાજ,રુતુઓ સાથે, 'ઝૂલો'તો એવો સંધાયેલો જાણે મનના તાણાવાણાની આવન-જાવનએજ
શ્રાવણના ઝૂલાની રાસલીલાનો મહિનો,
મેઘના સુભગ મિલનથી આનંદિત ધરતી આપણને આહ્લાદક ખુશનુમા બનાવે. મનોમન કૃષ્ણની રાસલીલા રચાઈ જાય.

મુક્તિદા કુમાર
'રુપલી'
મુંબઈ.

# ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠક ઈન્ચાર્જ કલેક્ટર શ્રી સુરભિ ગૌત્તમના અધ્યક્ષ સ્થાને યોજાઈ

## જિલ્લામાં કોઈપણ વેપારી ગુણવત્તા વગરની ખાધ ચીજવસ્તુઓનું વિતરણ ન કરે તેની ખાસ તકેદારી રાખવાનું જણાવતાં ઈન્ચાર્જ કલેકટરશ્રી

ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠક આજે જિલ્લા ઈન્ચાર્જ કલેકટર – જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં ઈન્ચાર્જ કલેકટરશ્રી - જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમે જણાવ્યી હતું કે, ચોમાસાની સિઝન છે. તેમજ તહેવારો ચાલી રહ્યાં છે. તે સમયે ખાઘ ચીજવસ્તુઓનું વિતરણ કરતાં વેપારીઓની મીઠાઈ, ફરસાણ અને અન્ય ખાઘ ચીજવસ્તુઓની ચકાસણી કરવી જોઈએ. જિલ્લામાં કોઈપણ વેપારી ગુણવત્તા વગરની ખાધ ચીજવસ્તુઓનું વિતરણ ન કરે તેની ખાસ તકેદારી રાખવા માટે ખૌરાક અને ઔષઘ નિયમન તંત્રના અધિકારીને ભારપૂર્વક જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ જિલ્લામાં કરિયાણા, શાકભાજી કે અન્ય વસ્તુઓનું કે જેનું તોલમાપ કરીને ગ્રાહકોને વિતરણ કરવામાં આવે છે. તેના તોલમાપના સાઘનો યોગ્ય નિયમોનુસાર છે કે નહિ, તેની આકસ્મિક ચકાસણી કરવા માટે પણ કાનુની માપ વિજ્ઞાન કચેરીના અધિકારીને સૂચના આપી હતી. તેમજ શહેરમાં દૂઘ કે અન્ય ચીજવસ્તુઓનું વિતરણ છપાયેલ કિંમત કરતા વધુ રકમે ન થાય તેની પણ ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. તોલમાપ તંત્રને ગ્રાહકો પોતાની ફરિયાદ સરળતાથી કરી શકે તે માટે તેમના ટોલ ફ્રી નંબરકે અન્ય માઘ્યમની જાણ રેશનીંગની દુકાન, સરકારી કચેરીઓ કે અન્ય જગ્યાએ સાઈન બોર્ડ મુકી ગ્રાહકોમાં જનજાગૃત્તિ લાવવાની પ્રવૃત્તિ ખાસ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એ.આર.ઠક્કરે સમિતિની સમક્ષ રેશનકાર્ડ સાથે આઘારકાર્ડ લિંક કરવાની કામગીરી, મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન કરવાની કામગીરી, વિજીલન્સ કમિટીની બેઠક અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ બેઠકમાં દહેગામના ઘારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, કલોલના ઘારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, માણસાના ઘારાસભ્ય શ્રી સુરેશભાઈ પટેલ સહિત સંબંઘિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આજથી સાપુતારા ખાતે મિનિ બસોને પ્રવેશ અપાશે :

આહવાઃ તાઃ ૨૦:ગિરિમથક સાપુતારાના ઘાટમાર્ગમા ગતદિવસો દરમિયાન થયેલા ભારે ભૂસ્ખલન બાદ, આ માર્ગેથી મોટી બસો અને ભારે વાહનોની અવરજવર બંધ કરવામા આવી છે. તેમા સ્થાનિક સ્થિતિની સમીક્ષા બાદ થોડી છૂટછાટ મળતા હવે આજથી, પ્રવાસીઓની મિનિ બસોને સાપુતારા ખાતે પ્રવેશ આપવાનુ નક્કી થયુ છે.

જિલ્લા કલેક્ટર શ્રી ભાવિન પંડયાના જણાવ્યા અનુસાર સવારના પાંચ થી રાત્રિના દસ વાગ્યા દરમિયાન શામગહાન થી સાપુતારા તરફ જતી મિનિ ખાનગી અને સરકારી બસોને પ્રવેશવાની છૂટ અપાઈ છે. જેના કારણે પ્રવાસીઓ તથા સ્થાનિક ગ્રામજનો અને વિધ્યાર્થીઓની મુશ્કેલી હળવી થશે. ઘાટમાર્ગેથી આવાગમનની સંપૂર્ણ સ્થિતિ સુધાર્યા બાદ ટૂંક સમયમા જ આ માર્ગેથી મોટી બસો, સહિતના ભારે વાહનોને પણ પરવાનગી અપાશે તેમ જણાવતા કલેક્ટર શ્રી ભાવિન પંડયાએ, મિનિ બસોના સંચાલકો, ડ્રાયવરોને ખૂબ જ સાવચેતી સાથે, સલામત રીતે મુસાફરો/પ્રવાસીઓને સેવા પૂરી પાડવાની અપીલ કરી છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# પ્રાકૃતિક ડાંગ જિલ્લાના ખેડૂતોને ખેતી માટે બારે માસ પાણી મળી રહે તે આવશ્યક : પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલ

આહવાઃ તાઃ ૨૦ઃ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે અગ્રેસર થયેલા ડાંગ જિલ્લાની પ્રાકૃતિક ખેતીની ગરિમાને અનુરૂપ પરિણામલક્ષી કામગીરીની હિમાયત કરતા ડાંગના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલે સો ટકા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમા પ્રવૃત્ત કરવાના લક્ષ સાથે, કાર્યવાહી હાથ ધરવાની અપીલ કરી હતી. ડાંગ જિલ્લાના જુદા જુદા વિભાગોના ઉચ્ચાધિકારીઓની એક બેઠકને સંબોધતા આદિજાતી વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે, પ્રાકૃતિક ખેતીના લાંબા ગાળાના ફાયદાઓની સમજ સાથે, તમામે તમામ ખેડૂતો તેમા જોડાઈ તેવા વાતાવરણનુ નિર્માણ કરવા સાથે, ચોમાસા આધારિત ખેતી ઉપરાંત રવિ પાકમા પણ ડાંગના ખેડૂતોને ખેતી અર્થે પૂરતુ પાણી મળી રહે તે માટે, મધ્યમ કદના ડેમ બનાવી, વહી જતા વરસાદી નીરને રોકીને તેનો સદુપયોગ કરવાની દિશામા પણ, કાર્યવાહી હાથ ધરવાની અપીલ કરી હતી.

મંત્રીશ્રી પાણીના અભાવે વિકાસથી વંચિત રહી જતા પ્રજાજનોની ભાવિ પેઢી માટે જળસંચય એ ખૂબ જ જરૂરી છે તેમ જિલ્લા અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ.

'નલ સે જલ' યોજનાના અસરકારક અમલીકરણ થકી પીવાના પાણીની સમસ્યાનો કાયમી હલ કરવાની હિમાયત કરતા મંત્રીશ્રી, ચોમાસામા ભારે વરસાદને કારણે જાહેર માર્ગોને થયેલા નુકશાન સાથે સત્વરે દુરસ્તી કામ હાથ ધરવાની સુચના આપી હતી.

મંત્રી શ્રી નરેશભાઈ પટેલે ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસી બસોને પ્રવેશવા બાબતે સ્થિતિની સમીક્ષા બાદ, ખાનગી તથા સરકારી મિનિબસો હવેથી સાવચેતીપૂર્વક ગિરિમથક સુધી પ્રવાસીઓને લાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે તેમ જણાવ્યુ હતુ. સ્થાનિક રોજગારી અને સ્થળાંતરને અટકાવવા માટે પ્રયાસરત જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકારના પ્રયાસોમા સૌને સહયોગી થવાની હાંકલ સાથે,પ્રભારી મંત્રીશ્રી ચોમાસામા જિલ્લા વહીવટી તંત્રના સહિયારા પ્રયાસોની સરાહના કરી હતી.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, જિલ્લા કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા. જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો.વિપિન ગર્ગ, જિલ્લા પોલિસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, નિવાસી અધિક કલેક્ટર શ્રી પદ્મરાજ ગાવિત, સહિત જિલ્લાના ઉચ્ચ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર
ડાંગ

# ચાણસ્મા પંથકમાં જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાઈ



રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

પાટણ જીલ્લાના ચાણસ્મા શહેર તેમજ ગામડામાં ભાવ ભક્તિથી જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવાયો હતો.સવારથી જ શહેરના કૃષ્ણ મંદિરમાં દર્શન માટે ભક્તોની ભારે ભીડ જામી હતી. મંદિરો જય કનૈયા લાલકી હાથી ઘોડા પાલખી ના નાદ સાથે ગુંજી ઉઠ્યા હતા.તેમજ ધજા પતાકાઓ અને રંગબેરંગી રોશનીથી ઠાકરજીના મંદિરોને શણગારાયા હતા. ચાણસ્મા શહેરના ભાનાણીની વાડી પાસે કાનદાસના પરામાં, જૂના સુથારવાસમાં, ખાડિયા ચોક સહિત તેમજ સેવાળા,લણવા, ગામે મટકીફોડ,રાસ ગરબા સહિત ના કાર્યક્રમો યોજાયા હતા.

જયારે ખારીઘારીયાલ ખાતે નિલકંઠ મહાદેવજીના મંદિરે ધજાપતાકાઓ તેમજ રંગબેરંગી લાઈટિંગથી મંદિર ને શણગારવામાં આવ્યું હતું.તેમજ શિવધુન,ભજન, મટકીફોડ,કૃષ્ણ જન્મોત્સવ સહિત ના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.કૃષ્ણ જન્મોત્સવ ને લઈ મંદિર જય કનૈયા લાલકી હાથી ઘોડા પાલખી ના નાદથી મંદિર ગુંજી ઉઠયુ હતું જન્મોત્સવ બાદ તમામ ભક્તજનો કાંતિભાઈ ઈશ્વરદાસ પટેલ તરફથી પેંડા અને ફરાળી કેવડો આપવામાં આવ્યો હતો.ત્યારબાદ પંજરીની પ્રસાદ આપવામાં આવી હતી.



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે શુક્રવારે શ્રાવણ માસની અષ્ટમીના પવિત્ર દિવસે દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથ દાદાના ભક્તિ ભાવ પૂર્વક પૂજન અર્ચન સોમનાથ મંદિર પરિસરમાં કર્યા હતા.મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ કરવા સાથે રુદ્રી, અભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરી શિવજીની પૂજા, આરાધના કરી હતી.સાંસદશ્રી રાજેશ ચુડાસમા,પૂર્વ ધારાસભ્યશ્રી જશાભાઈ બારડ સહિત જિલ્લા સંગઠનના પદાધિકારીઓ તેમજ સોમનાથ ટ્રસ્ટના સચિવ અને અધિક કલેકટર શ્રી યોગેન્દ્ર દેસાઈ વગેરેએ મુખ્યમંત્રીશ્રીને મંદિર પરિસરમાં આવકાર્યા હતા અને પૂજા અર્ચનમાં સાથે રહ્યા હતા

# ધાનેરા ધારાસભ્ય ની કામગીરી થી પ્રજાજનો માં નારાજગી: જો રિપીટ થાય તો કોંગ્રેસ સીટ ખોવાની તૈયારી રાખે

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા તાલુકા ના ધારાસભ્ય એ પોતાના પ્રચાર માં જનતા ને એવુ જણાવેલ કે મેં તમામ પોસ્ટ પર જવાબદારી નિભાવી છે એટલે એક વાર મને ધારાસભ્ય ની જવાબદારી આપો હું પુરી નીસ્થા થી મારી જવાબદારી નિભાવીશ જયારે આ વાત ના ભરોસે લોકો એ ખોબલે ખોબલે મતો આપી જંગી મતો થી જીતાડ્યા પરંતુ જીત હાસિલ કર્યા બાદ આ ધારાસભ્ય જનતા ને ભૂલી પોતાને તેમજ પોતાના મળતીયા ઓ ને અંગત લાભ થાય એ રીતે કામો કરી રહ્યા હોવાના આક્ષેપો જનતા કરી છે



વધુ માં પ્રાપ્ત થતી માહિતી મુજબ એવુ જાણવા મળે છે કે તાલુકા ના અનેક ગામો માં પ્રાથમિક સુવિધા ઓ નો પણ અભાવ છે જે બાબતે અનેક વાર રજૂઆતો કરવામાં આવવા છતાં ધારાસભ્ય ધ્યાન આપતા નથી એટલું ઓછું હોય તેમ વધુ માં એવુ પણ જાણવા મળ્યું છે કે આ ધારાસભ્ય એટલા તો પાવર માં રહે છે કે લોકો ને રૂબરૂ મળવા નો સમય પણ આપતા નથી

આ બધું જોઈને હવે ધાનેરા ની સાથે સાથે દાંતીવાડા ની જનતા પણ મત આપી ને પસ્તાવો કરી રહી છેજયારે વધુ માં એવુ પણ જાણવા મળ્યું છે કે ધારાસભ્ય તાલુકા ના જ એક ગામ માં એવી બડાસ મારી હતી કે બે રૂપિયા મળે તો લેજો દારૂ મળે તોય લઈ લેજો પણ મત તો કોંગ્રેસ ને જ આપજો એવા શબ્દો ના કારણે પણ આ ધારાસભ્ય વિવાદ માં આવેલા છે

વધુ માં લોકો માં એવુ ચર્ચાઈ રહ્યું છે કે ધાનેરા ના ધારાસભ્ય પોતાના એક અંગત માણસ ના કહેવાથી ધારાસભ્ય ની વિકાસ ગ્રાન્ટ એક ગામ ના વિકાસ પાછળ વેડફી રહ્યા છેતો સવાલ એ થાય છે કે સુ આ ધારાસભ્ય ને એ એક જ ગામ ના મત મળ્યા છે કે સુ????

એક જ ગામ ના મતો થી વિજયી થયા છે કે સુ????

લોકો ની નજરો માંથી ઉતરી ગયેલા આ ધારાસભ્ય હવે ફરી થી ટિકિટ લેવા ના હવાતિયાં અત્યાર થીજ ચાલુ કરી દીધા છે જો પાર્ટી દ્વારા ફરી થી ટિકિટ આપવામાં આવી તો ધાનેરા માં કોંગ્રેસ ની હર નિશ્ચિત જ છે તો પાર્ટી હર નો સામનો કરવાની ગણતરી થી જ ટિકિટ રિપીટ કરવી પડે

### અહો આશ્ચર્યમ

# ધાનેરા ની આંગણવાડી કેન્દ્રો માં બાળકો ના બદલે ભંગાર થી ભરાયેલા છ

આંગણવાડી કેન્દ્રો એટલે ભગવાન ના રૂપ સમાન ગણાતા નાના ભૂલકા ઓ નું મંદિર પરંતુ ધાનેરા ના આંગણવાડી કેન્દ્રો ની વાત કરવામાં આવે તો કંઈક અલગ જ તથ્ય જોવા મળશે જી હા ધાનેરા માં એક બે નહિ પરંતુ તાલુકા ના તમામ કેન્દ્રો ભંગાર થી ભરાયેલા જોવા મળે છે જાણવા મળતી માહિતી મુજબ આંગણવાડી કેન્દ્રો ના નિયમ મુજબ તમામ કેન્દ્રો પર આપવામાં આવતા જથ્થા ના ખાલી બારદાન અને તેલ ના ખાલી ડબ્બાઓ જે તે તાલુકા ની બાળ વિકાસ યોજના અધિકારી ની કચેરી ખાતે જમા કરવાના હોય છે ત્યારે ધાનેરા તાલુકા ના એક પણ કેન્દ્ર પર થી અત્યાર સુધી જમા કરવામાં આવેલ નથી ઉલ્ટા કેન્દ્રો પર જ પડ્યા રાખેલ છે જેના કારણે તમામ કેન્દ્રો આવા ભંગાર થી ભરેલા જોવા મળી રહ્યા છે જયારે તાલુકા કેટલાક કેન્દ્રો પર તો આટલી હદ સુધી ભંગાર ભરેલા છે કે બાળકો એ બહાર બેસવું પડે છેહવે સવાલ એ ઉભો થાય છે આવા ભંગાર થી ભરેલા કેન્દ્રો પર બહાર બેસ્તા નાના ભૂલકા ઓ આવા વાતાવરણ ના કારણે બીમાર થયા યા પછી જમા થયેલા ભંગાર ના કારણે બીમાર થયા તો જવાબદારી કોની?? સુ કેન્દ્ર ના સુપરવાઈઝર ની જવાબદારી ગણવી કે પછી તાલુકા બાળ વિકાસ યોજના અધિકારી ની??? આ અંગે સત્વરે વિચારણા કરી કેન્દ્રો પર પડેલ ભંગાર દૂર કરવામાં આવે નહીંતર નાના ભૂલકા ઓ માં બીમારી ફેલાવા ની શક્યતા નકારી શકાય નહીં

# મોદી સરકારની એક પહેલ અને સફાઇ મિત્રોનું જીવન બદલાઇ ગયું

# મોદી સરકારે ૨૦૨૪ સુધી દેશના ૫૦૦ શહેરોને મશીન આધારિત સફાઇ કામગીરી સાથે જોડવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે




ગાંધીનગર,૨૦ ઓગસ્ટ, ૨૦૨૨:

આઝાદીના આંદોલનમાં જ્યાં એક તરફ મહાત્મા ગાંધી અંગ્રેજો સામે અભિયાન ચલાવી રહ્યા હતા ત્યાં બીજી તરફ તેઓ સમાજમાં ફેલાયેલી કુરીતિયો સામે પણ લડી રહ્યા હતા. એ સમયમાં ગાંધીજીએ જ છૂઆછૂત અને માથે મેલું ઉપાડવાની પ્રથા વિરુદ્ધ જાગૃતિ અભિયાન ચલાવ્યું હતું અને સ્વચ્છતા સાથે સંકળાયેલા લોકોને સન્માન અપાવવા માટે જન આંદોલન પણ કર્યું હતું. આ જન આંદોલનને નવું બળ ત્યારે મળ્યું જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝાડુ લગાવીને સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા સાથે સંકળાયેલા લોકોને મજબૂતી પ્રદાન કરી. ૭૫ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આ રાષ્ટ્રે એક વડાપ્રધાનને સફાઈકર્મીઓના પગ ધોઈને તેમનું માન સન્માન અને સ્વીકાર્યતા સ્થાપિત કરતા જોયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સફાઇ મિત્રોની પ્રશંશા કરતા કહ્યું હતું.- 'આપણા સફાઇ કર્મચારી, આપણા ભાઇ-બહેન, સાચા અર્થમાં આ અભિયાનના નાયક છે'.

સીવરમાં ઉતરીને સફાઇ કરવી અને દુર્ઘટના થવા પર જીવ ગુમાવવો એ આજના પ્રગતિશીલ યુગમાં કોઇ પણ સ્તરે ન્યાયપૂર્ણ નથી. તેને દૂર કરવા માટે કેન્દ્રની મોદી સરકારે ૨૦૨૪ સુધી દેશના ૫૦૦ શહેરોને મશીન આધારિત સફાઇ કામગીરી સાથે જોડવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. શહેરી આવાસન મંત્રાલયે આ યોજનાને પૂર્ણ કરવાની જવાબદારી લીધી છે જે ખૂબ સારી રીતે ચાલી રહી છે.

તાજેતરમાં જ આવાસ અને શહેરી કાર્ય મંત્રાલયે સફાઇ મિત્રોની સુરક્ષા અંગે એક વિસ્તૃત રિપોર્ટ જાહેર કર્યો છે. 'સફાઇ મિત્ર અભિયાન'નો મુખ્ય લક્ષ્ સીવરેજ/ સેપ્ટિક ટેક્રોની સફાઇ દરમિયાન થનારી દુર્ઘટનાઓ અને મૃત્યુને સંપૂર્ણ રીતે રોકવાનો છે. તેના માટે ત્રણ મંત્રાલય, આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય અને જલશક્તિ મંત્રાલય સાથે પેયજળ અને સ્વચ્છતા વિભાગ મળીને કાર્ય કરી રહ્યા છે. સફાઇ મિત્રોને સુરક્ષિત રાખવા માટે ત્રણ સૂત્રીય એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જેમાં, 'આધુનિકીકરણ, નિવારણ અને પુનર્વાસ' સામેલ છે. જેમાં સેપ્ટિક ટેક્રોની પ્રણાલીને મશીન ઉપકરણોથી જોડવું, નગરપાલિકા, પંચાયતો અને પ્રાઇવેટ સ્વચ્છતા ઓપરેટર્સને ઉન્નત ઉપકરણો અને ટેક્નોલોજીથી સજ્જ કરવાની સાથે સ્વચ્છતા રિસ્પોન્સ યુનિટ માટે એક સમર્પિત હેલ્પલાઇનની શરૂઆત કરવાનું લક્ષ્ય છે. મંત્રાલય તરફથી સફાઇમિત્રોને કૌશલ્ય વિકાસની તાલીમ પણ આપવામાં આવી રહી છે. આ તબક્કામાં દર વર્ષે ૧૦ હજાર સફાઇમિત્ર અને ૭૫૦થી વધુ સીવર એન્ટ્રી પ્રોફેશનલ્સને અપસ્કિલ કરવામાં આવશે. તે સિવાય સફાઇમિત્રો ને જિલ્લા ક્લસ્ટરના સ્તરે તાલીમ પણ આપવામાં આવશે. આવાસન અને શહેરી કાર્ય મંત્રાલય તેના માટે તાલીમની વ્યવસ્થા કરશે અને સાથે જ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય તાલીમ માટે ફંડીંગ કરશે.

પ્રગતિ રિપોર્ટના આંકડા જાહેર કરતા મંત્રાલયે ૧ નવેમ્બર ૨૦૨૨ સુધીને ડેટા રજૂ કર્યો છે. આંકડા અનુસાર ત્યાર સુધી ૧૩ રાજયો અને ૧૧૩ સ્થાનિક શહેરી સંસ્થાઓએ ભાગ લીધો છે જેમાં ૩૭૧૩ સફાઇમિત્રોને તાલીમ આપવામાં આવી છે જ્યારે ૫૬૫૭ સફાઇમિત્રોને રાજયો દ્વારા તાલીમ આપી દેવામાં આવી છે. તે સિવાય સફાઇમિત્રો માટે સુરક્ષા ઉપકરણોની ખરીદી અને તેનો યોગ્ય સ્ટોક રાખવામાં આવશે. યોજનના અંતિમ ચરણમાં સ્થાનીય શહેરી સંસ્થાઓની સીવર/સેપ્ટિક ટેક્રોમાં માનવ પ્રવેશ સંપૂર્ણ રીતે ખતમ કરવાનુ લક્ષ્ય રાખવામાં આવ્યું છે.જીતેન્દ્ર, સુભાષ, આકાશ રામ અને રાજેશ રાવ, વેબિનારથી સંકળાયેલા આ અમુક એવા નામ છે જેમના જીવનમાં એક શબ્દથી જ મોટું પરિવર્તન આવ્યું છે. અને આ શબ્દ છે- સફાઇમિત્ર. સફાઇકર્મીથી સફાઇમિત્રની ઓળખ મળતા જ આ દરેક લોકોના કામ કરવાની સંપૂર્ણ પરિભાષા જ બદલાઇ ગઇ. શહેરી આવાસન મંત્રાલયના વેબિનારમાં અમદાવાદના સફાઇમિત્ર જીતેન્દ્રએ જણાવ્યું કે, સુરક્ષા ઉપકરણો અને મશીનોની મદદથી તેમના કામનું જોખમ લગભગ શૂન્ય થઇ ગયું છે અને સાથે જ તેમના પરિવારને આર્થિક મદદ પણ મળી રહી છે અને તે સફાઇમિત્રનું કામ કરીને સંતુષ્ટ પણ છે.

# પોતાના ગામને સ્વચ્છ-સુંદર રાખવા દરેકે દાનત અને શ્રમનું મૂડીરોકાણ કરવું પડશે : શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગરઃ શુક્રવારઃ

જન્માષ્ટમીના પાવન પર્વે ભારતના ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામના તળાવ પરિસરમાં વટ વૃક્ષ વાવ્યું હતું. ભરણી નક્ષત્રમાં જન્મેલા શ્રી અમિતભાઈ શાહે નક્ષત્ર વન અંતર્ગત કરેલા વૃક્ષારોપણમાં પોતાના નક્ષત્રના આરાધ્ય વૃક્ષ આમળાનો છોડ પણ આવ્યો હતો. નારદીપુર તળાવના સૌંદર્યીકરણ પ્રોજેક્ટ અંતર્ગત ૪,૦૦૦ વૃક્ષોના વાવેતર અને ઉછેરનો સંકલ્પ છે. 'ગાંધીનગર લોકસભા-હરિયાળી લોકસભા' અભિયાન અંતર્ગત મિશન મિલિયન ટ્રી ઝુંબેશમાં આજે નારદીપુરમાં વૃક્ષારોપણ કારસેવા કાર્યક્રમ યોજાયો હતો.



ગૃહ અને સહકાર કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે સૌને કૃષ્ણ જન્મોત્સવ-જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું હતું કે, ભગવાન શ્રીકૃષ્ણના જીવનનો અભ્યાસ કરીએ તો આશ્ચર્ય થાય કે, એક જ વ્યક્તિમાં આટલું વૈવિધ્ય કેવી રીતે હોઈ શકે! ભગવાન શ્રીકૃષ્ણ યોગી સ્વરૂપે પણ છે અને મહાન સંગીતકાર તરીકે પણ આપણે તેમને ઓળખીએ છીએ. ગીતાના રચયિતા અને તત્વજ્ઞાનના પ્રણેતા પણ શ્રીકૃષ્ણ છે તો ચારુણ અને કંસનો વધ કરનાર મહાન મલ્લ પણ ભગવાન શ્રીકૃષ્ણ છે. સારંગ ધનુષ્યના ધારણકર્તા શક્તિશાળી ધનુર્ધારી શ્રીકૃષ્ણ છે, તો પંચજન્યધારી મહાન રણનીતિકાર પણ ભગવાન શ્રીકૃષ્ણ છે. અધર્મનો નાશ કરીને ધર્મની સ્થાપના માટે 'સંભવાની યુગે યુગે'નો સંદેશો આ સૃષ્ટિને આપનાર ભગવાન શ્રીકૃષ્ણ દરેકના મનમાં બિરાજે છે.

આજના આ પાવન પર્વે દ્વારકાથી લઈને આસામ સુધી અને વૈષ્ણોદેવીથી લઈને કન્યાકુમારી સુધી સમગ્ર ભારતમાં દરેક નાગરિક ભક્તિભાવપૂર્ણ ઉમળકાભેર જન્માષ્ટમીની ઉજવણી કરી રહ્યો છે. સમગ્ર વિશ્વમાં આ એક જ જન્મદિવસ એવો છે કે, કોઈ જાતના આમંત્રણ વિના દરેક વ્યક્તિ મધરાતે ૧૨.૦૦ વાગ્યાની રાહ જોઈને પોતાના ઘરમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવે છે. લોકો આખો દિવસ ઉપવાસ કરે છે અને મધરાતે પંજરીના પ્રસાદથી મોઢું મીઠું કરે છે. આવા આ પાવન પર્વે તેમણે નારદીપુર અને આસપાસના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ગાંધીનગરના લોકપ્રિય સાંસદ શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, નારદીપુરનું આ તળાવ ઉર્જા કેન્દ્ર બનવું જોઈએ. નારદીપુર તળાવના સૌંદર્યીકરણ પ્રોજેક્ટના પ્રારંભે નારદીપુરની સ્વચ્છતાના અને નારદીપુરને હરિયાળું કરવાના સંકલ્પ કર્યા હતા. નારદીપુર તળાવના પરિસરમાં ૪,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ છે. જન્માષ્ટમીના પવિત્ર પર્વે આ પરિસરમાં નક્ષત્ર વનનું વાવેતર થઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, દરેક વ્યક્તિ એક વૃક્ષ સાથે જોડાયેલી છે. વૃક્ષ વ્યક્તિના સ્વભાવની ઉણપનું સમન પણ કરે છે. નારદીપુર તળાવના સૌંદરીકરણ પ્રોજેક્ટની જવાબદારી જે.એસ.ડબલ્યુ. ઈનિસીએટીવ્સ દ્વારા લેવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.